યોગ, સ્વાસ્થ્ય અને નૈતિક જીવન મૂલ્યોનું માસિક

# દિવ્ય જીવન

વાર્ષિક લવાજમ : રૂા. ૧૫૦/- • વર્ષ - ૧૫ અંક - ૧૦ ઓક્ટોબર-૨૦૧૮


Postal Registration No. GAMC 1417/2018-2020 Valid up to 31-12-2020 RNI No. GUJGUJ/2003/15738
Published on 4th of every month and Posted on 5th of every month at PSO, Ahmedabad-2. Annual Subscription Rs.150/-



## માતાની કૃપા

શક્તિ શિવને પ્રાપ્ત કરવાનો માર્ગ છે. માનવો વડે અસ્તિત્વ - જીવનના અંતિમ છેડાઓ - ચાર પુરુષાર્થો (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) મેળવવા માટે દિવ્ય માતા એ વચન અને શક્યતા છે. તમારાં આ લોકની સમૃદ્ધિ અને પરલોકનો પૂર્ણ આનંદ નિશ્ચિત છે. માતા પરાશક્તિ તમારા સૌની ઉપર કૃપા કરો !


**- સ્વામી શિવાનંદ**



"શ્રી શિવમહિમ્નસ્તોત્ર" શ્રાવણ સત્સંગ
(તા. ૧૨-૮-૨૦૧૮ થી તા. ૨૯-૮-૨૦૧૮)



શ્રાવણ શિવપૂજન શૃંગાર-શ્રી વિશ્વનાથ મંદિર,
શિવાનંદ આશ્રમ, અમદાવાદ



ગુજરાત રાજ્યના આદરણીય રાજ્યપાલ શ્રી
ઓમપ્રકાશ કોહલીજીના ૮૪મા જન્મોત્સવ પ્રસંગે
પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી દ્વારા આશીર્દાન
(તા. ૯-૮-૨૦૧૮)



જન્માષ્ટમીના પાવન પર્વે શ્રી હાટકેશ ગુંજન સ્વર મંડળ
દ્વારા ભક્તિ સંગીત ( તા. ૩-૯-૨૦૧૮)



રાજભવન, ગાંધીનગરમાં ગુજરાતના શતક રક્તદાતાઓનું
આદરણીય રાજ્યપાલ મહોદયશ્રી દ્વારા સન્માન (તા. ૯-૮-૨૦૧૮)



પવિત્ર શ્રાવણમાસ પ્રસંગે શિવાનંદ આશ્રમમાં શ્રીમદ્
ભાગવત કથા પ્રસંગે વ્યાસપીઠ પર પૂજ્ય ડૉ. કૃષ્ણકુમાર
મહેતા (શાસ્ત્રી) M.Sc., M.Ed. Ph.D. બિરાજ્યા
(તા. ૧-૯-૨૦૧૮ થી તા. ૮-૯-૨૦૧૮)



જન્માષ્ટમીના મંગલ પર્વે શ્રીમતી શુચિ બુચ (અમેરિકા)
દ્વારા ભરતનાટ્યમ્ નૃત્ય (તા. ૩-૯-૨૦૧૮)

# શ્રી સ્વામી શિવાનંદજી મહારાજની પ્રેરણાથી પ્રકાશિત
# દિવ્ય જીવન

વર્ષ : ૧૫ | અંક : ૧૦ | ઓક્ટોબર-૨૦૧૮



**સંસ્થાપક અને આદ્યતંત્રી :**
બ્રહ્મલીન શ્રી સ્વામી યાજ્ઞવલ્ક્યાનંદજી
(ડૉ. શિવાનંદ અધ્વર્યુજી)
**સંપાદક મંડળ :**
અધ્યક્ષ : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી (તંત્રી)
શ્રીમતી રૂપા મજમુદાર

○

**તંત્રી : શ્રી સ્વામી અધ્યાત્માનંદજી**
**લેખ મોકલવાનું સરનામું :**
શિવાનંદ આશ્રમ, જોધપુર ટેકરી,
અમદાવાદ - ૩૮૦ ૦૧૫.
ફોન : ૨૬૮૬૧૨૩૪, ૨૬૮૬૨૩૪૫

○

**મુખ્ય કાર્યાલય :**
'દિવ્ય જીવન' માસિક, તેનું લવાજમ :
સ્વામી ચિદાનંદ સર્વજીવસેવાનિધિ
ઈતર પત્રવ્યવહાર અને મહામંત્રીનું કાર્યાલય :
શ્રી યજ્ઞેશભાઈ દેસાઈ
ગુજરાત દિવ્ય જીવન સંઘ
શિવાનંદ આશ્રમ,
જોધપુર ટેકરી, સેટેલાઈટ માર્ગ,
અમદાવાદ-૩૮૦૦૧૫
ફોન : ૨૬૮૬૧૨૩૪
ટેલિફેક્સ : ૨૬૮૬૨૩૪૫

○

E-mail :
sivananda_ashram@yahoo.com
Website : http://www.divyajivan.org



## લવાજમ

**ભારતમાં**

| | | |
|---|---|---|
| વાર્ષિક લવાજમ | : | રૂ. ૧૫૦/- |
| શુભેચ્છક લવાજમ (૧૫ વર્ષ માટે) | : | રૂ. ૧૫૦૦/- |
| પેટ્રન લવાજમ | : | રૂ. ૩૦૦૦/- |
| છૂટક નકલ | : | રૂ. ૧૫/- |
| **વિદેશ માટે (એર મેઈલ)** | | |
| વાર્ષિક (એર મેઈલ) | : | રૂ. ૧૮૦૦/- |
| શુભેચ્છક લવાજમ | : | રૂ. ૧૫૦૦૦/- |

(૧૫ વર્ષ માટે) ચેક/ડ્રાફ્ટ (અમદાવાદ) દ્વારા


ૐ

येयं प्रेते विचिकित्सा मनुष्ये -
ऽस्तीत्येके नायमस्तीति चैके ।
एतद्विद्यामनुशिष्टस्त्वयाहं
वराणामेष वरस्तृतीयः ॥

**कठोपनिषद - १-१-२०**

આ લોકના કલ્યાણ માટે પિતાની સંતુષ્ટિનું વરદાન અને પરલોક માટે સ્વર્ગના સાધનરૂપ અગ્નિવિજ્ઞાનનું વરદાન પ્રાપ્ત કરીને હવે નચિકેતા આત્માનું યથાર્થસ્વરૂપ અને તેની પ્રાપ્તિનો ઉપાય જાણવા માટે યમરાજ સામે બીજા લોકોના બે મત ઉપસ્થિત કરીને તેના પર તેમના અનુભૂત વિચાર સાંભળવા ઈચ્છે છે. એટલા માટે નચિકેતા કહે છે કે ભગવાન ! મૃત મનુષ્યના સંબંધી આ એક મોટો સંદેહ ફેલાયેલો છે. કેટલાક લોકો કહે છે કે મૃત્યુ પછી પણ આત્માનું અસ્તિત્વ રહે છે અને કેટલાક લોકો કહે છે કે નથી રહેતું. આ વિષયમાં આપનો જે અનુભવ છે તે મને બતાવો. આપના દ્વારા ઉપદેશ પામીને હું આ રહસ્યને બરાબર સમજી લઉં. બસ, ત્રણેય વરદાનમાં આ જ મારું મહત્ત્વપૂર્ણ ત્રીજું વરદાન છે.

## શિવાનંદ વાણી

### પવિત્ર બનો, દૂષણ નાશ પામશે

જ્યારે તમે ભગવાનના નામનાં જપ અને ધ્યાન કરશો ત્યારે જો તમારા મનમાં ખરાબ વિચાર આવે તો તેમને દૂર કરવા માટે તમારા ઈચ્છાબળનો ઉપયોગ ન કરો. તેનાથી માત્ર તમારી શક્તિનો વ્યય થશે. તમે થાકી જશો. તમે જેટલો વધારે પ્રયત્ન કરશો તેનાથી બમણા જોરથી વિચારો ઝડપથી પાછા આવશે. વિચારો વધુ પ્રબળ થશે. તેમના પ્રત્યે ઉદાસીન થઈ જાઓ. શાંત રહો. તે જલદી જતા રહેશે અથવા તે વિચારોની જગ્યાએ વિરોધી વિચારોનું સ્થાપન કરો અથવા ભગવાનના કે ગુરુના ચિત્રનું ચિંતન કરો અને વારંવાર મંત્રનો જપ કરો. પ્રયત્નપૂર્વક પ્રાર્થના કરો. ધ્યાન કર્યા વિના એક પણ દિવસ ન જવા દો. તમારી આધ્યાત્મિક સાધનામાં નિયમિત રહો. પવિત્ર અને સાત્ત્વિક આહાર લો. મનની એકાગ્રતામાં ફળ અને દૂધ મદદરૂપ થાય છે. **- સ્વામી શિવાનંદ**

## અનુક્રમ


| | | | |
|---|---|---|---|
| ૧. | કઠોપનિષદ્ | | ૩ |
| ૨. | અનુક્રમ, તહેવાર સૂચિ | | ૪ |
| ૩. | સંપાદકીય | તંત્રી | ૫ |
| ૪. | ગુરુકૃપા હી કેવલમ્ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૬ |
| ૫. | ગુરુભક્તિયોગ-૧ | શ્રીમતી રૂપા મજમુદાર | ૧૨ |
| ૬. | ગુરુકૃપા કેવી રીતે પ્રાપ્ત થાય ? | શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી | ૧૭ |
| ૭. | વેદાંત સાધનામાં ગુરુતત્ત્વ | શ્રી સ્વામિની વિદ્યાપ્રકાશાનંદજી | ૨૦ |
| ૮. | ગીતામાં ગુરુતત્ત્વ | શ્રી સ્વામી અવ્યયાનંદજી | ૨૨ |
| ૯. | સ્વસ્થ માતા, સ્વસ્થ શિશુ, સુખી પરિવાર.... | (ડૉ.) શ્રીમતી વર્ષાબહેન દવે | ૨૬ |
| ૧૦. | સંઘર્ષ મંત્રનું મૂર્તસ્વરૂપ-શ્રીકૃષ્ણ | શ્રી સ્વામી અધ્યાત્માનંદજી | ૨૯ |
| ૧૩. | વૃત્તાંત | | ૩૧ |


## તહેવાર સૂચિ

### નવેમ્બર-૨૦૧૮

| તા. | તિથિ | (અષાઢ વદ) |
|---|---|---|
| ૧ | ૮ | શ્રી રાધા અષ્ટમી |
| ૩ | ૧૧ | રમા એકાદશી |
| ૪ | ૧૨ | વાક્ બારસ |
| ૫ | ૧૩ | ધનતેરસ, ધન્વંતરીજયંતી, પ્રદોષ પૂજા |
| ૬ | ૧૪ | કાળી ચૌદશ, રૂપ ચતુર્દશી |
| ૭ | ૩૦ | દિવાળી, ચોપડાપૂજન, અમાવાસ્યા, શ્રી મહાવીર નિર્વાણદિન |
| | | (કારતક સુદ) |
| ૮ | ૧ | નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૭૫ શરૂ, ગોવર્ધન પૂજા |
| ૯ | ૨ | ભાઈબીજ |
| ૧૨ | ૫ | લાભ પાંચમ, શ્રી પંચમી |
| ૧૬ | ૮ | ગોપાષ્ટમી |
| ૧૯ | ૧૧ | પ્રબોધિની એકાદશી |
| ૨૦ | ૧૨ | તુલસીવિવાહ, પ્રદોષ પૂજા |
| ૨૩ | ૧૫ | દેવ દિવાળી, શ્રી ગુરુનાનકજયંતી |

### "અનુરોધ-અભિલાષા" ગ્રાહકોને :

- **આપનું પત્રવ્યવહારનું સરનામું પિનકોડ સાથે સંપૂર્ણ હોય તે ટપાલ ખાતાના નવા નિયમો મુજબ અનિવાર્ય છે. તેથી સરનામાની ચોકસાઈ માટે વિનંતી.**
- આપનો ગ્રાહક નંબર નોંધી લેવા વિનંતી છે, જેથી અંકની પ્રાપ્તિ સંબંધી કોઈ પણ પત્રવ્યવહાર કરતી વેળા ગ્રાહક નંબરનો ઉલ્લેખ વહીવટી સરળતા સર્જી શકે છે.
- સામાન્યતઃ દર માસની પાંચમી તારીખે અંક પ્રસિદ્ધ થયા બાદ તેની રવાનગીનું કામ શરૂ થાય છે. છતાં કોઈ ખાસ કારણોસર પ્રકાશનની નિર્ધારિત તારીખના ૧૦ દિવસ વીત્યે પણ જો આપને અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા બાદ વહીવટી કાર્યાલયને જણાવવું. સિલકમાં હશે તો બીજો અંક મોકલાશે.
- 'દિવ્ય જીવન'ની સામગ્રી આપને ગમી હશે. તેથી હવે આપનાં પરિચિત વર્તુળોમાં પણ તેની રસલ્હાણ થાય અને ગ્રાહકવૃદ્ધિમાં આપનો નક્કર સહયોગ અમને મળતો રહે તેવી અભિલાષા છે.
- અમદાવાદ સિવાયના ગ્રાહકોએ પોતાનું લવાજમ ડ્રાફ્ટ અગર મનીઓર્ડરથી જ મોકલવું.

### દિવ્ય સ્ફુલિંગ

## સંતોષી બનો

એક વખત જ્યારે તમે સંતોષી બનો પછી તમને કોઈ પણ વસ્તુ દુઃખી કરી શકશે નહિ અને જો તમે સંતોષી ન હો તો કોઈ પણ વસ્તુ તમને સુખી કરી શકશે નહિ.

- સ્વામી ચિદાનંદ

# સંપાદકીય

શ્રાવણ મહિનો શ્રવણ માટે હોય. સંતો - મહંતો-આચાર્યો ચાતુર્માસ દરમ્યાન સ્થિરતા કરે - પ્રસ્થાનત્રયીનું પારાયણ થાય. શાંકર ભાષ્ય સાથે બ્રહ્મસૂત્ર, ઈશ, કેન, કઠ, મુંડક, માંડુક્ય, ઐતરેય, તૈત્તિરેય, શ્વેતાશ્વતર, છાંદોગ્ય અને બૃહદારણ્યક (દશ ઉપનિષદ) તથા ભગવદ્‌ગીતાનો સ્વાધ્યાય થાય. આમ, શ્રાવણનાં શ્રવણ સાથે મનન થયા બાદ ભાદરવો (ભદ્રમાસ) ભદ્રતા - શાલિનતા, કુલિનતા - સજ્જનતા અને ખરા અર્થમાં અમાનુષી વિચારધારાથી નિવૃત થઈ ભદ્રતા, શીલ, લજ્જા, વિવેક અને સત્ત્વશીલ વિચારસરણીબદ્ધ જીવનયાપન કરવા માટે કટિબદ્ધ થવાનો મહિનો એટલે ભાદરવો. અહીં ભાદરવાના કૃષ્ણ પક્ષમાં શ્રાદ્ધપક્ષ આવે એટલે શ્રાવણમાં શ્રવણ બાદ સ્વકીય જીવનમાં પ્રગટેલી-ઉપજેલી ભદ્રતા પશ્ચાત્ વ્યક્તિગત જીવનમાં નવી આશા નવો ઉમંગ જીવન જીવવાની હોંશ પ્રગટાવવા માટેનો મહિનો એટલે આશાથી ઊભરાયેલો 'આસો' માસ.

આસો મહિનાનો પ્રારંભ નવરાત્રીથી થશે. નવરાત્રીના નવ દિવસ આપણા શરીરમાં સ્થિત નવ - કર્મેન્દ્રિયો અને જ્ઞાનેન્દ્રિયો ઉપર સંયમ કરવાનું પર્વ અને દીપાવલી પૂર્વે વાક્ બારસ - વાક્ વાણીની ઉપાસના ''હું સત્ય બોલું, અસત્ય ન બોલું. અપ્રિય ન બોલું, મીઠું બોલું'' માટેની કટિબદ્ધતા એટલે વાક્ બારસ.

વિચારશુદ્ધી હોય તો વાણી શુદ્ધી થાય. આ બંને સહજ બને તો વ્યવહાર શુદ્ધી થાય. દિવ્ય જીવનની આ આધાર શિલા છે. જે મનમાં હોય તે જ વાણી અને વ્યવહારમાં આવે. ધનતેરસની આપણી સૌથી મોંઘી મૂડી આપણી સંપત્તિ-'પૈસો' નથી. આપણી છળ-કપટ અને સ્વાર્થરહિત જીવનચર્યા એ જ આપણા સૌની સૌથી મોંઘી મૂડી છે. કાળી ચૌદસને નરક ચતુર્દશી પણ કહેવામાં આવે છે. આપણે બહારની સફાઈ માટે ખૂબ જ જાગૃતિ કેળવી છે. ''Mental Garbage'' નું શું ? ઈર્ષ્યા, અસૂયા હીણપત અને ઉતારી પાડવાની હુંસાતુંસી વચ્ચે આપણાં જીવન દિવાળીના બદલે પ્રતિપળ હોળી કરી રહ્યાં છે, તેની સમજ હોવા છતાં, તે તરફ 'આંખ આડા - કાન' કરીને માત્ર હું જ સાચો, મારી જ ઈચ્છા પ્રમાણે થવું જોઈએ.' આવી વ્યક્તિઓ માટે ગીતાનો 'દેવાસુર સંપદ' વિભાગ કહે છે : આવા લોકો કહેવાતાં બાહ્ય સુખ, તેમના મદ અને અહંકારના કારણે અનુભવે છે, પરંતુ તેમનું અંતઃસ્તર ખોખલું થઈ ગયું હોય છે. તેમના જીવનમાં જીવન જેવું કશું રહેતું નથી. સંબંધો ટકતા નથી. સંબંધોમાં 'કડવાસ' જ ભરાયેલી હોય છે.

આ બધી વાત ભલે 'કડવી' લાગે પણ ઔષધિ ગળી મીઠી હોય એવું જરૂરી નથી. સમાજ કરવટ બદલી રહ્યો છે. આપણા જીવનની છલનાને લોકો જાણતા થયા છે. માટે ભાદ્રપદમાં ભદ્રતા કેળવીએ મૂળમાંથી જ સ્વકીય જીવનમાં 'ડોકિયું' કરવું પડે ''હું ક્યાં ઊભો છું. શું હું જેમ વિચારું છું, બોલું છું, કરું છું, પ્રેરું છું ત્યાં છળ, કપટ કે સ્વાર્થ તો નથી ને?''

આપણાં જીવન અસાધારણ જીવન છે. ભ્રાન્તિનો ત્યાગ કરીએ. દંભ અને છળને ખંખેરી નાખીએ. શુદ્ધ સાત્ત્વિક અને આત્મિય આનંદનું જીવન જીવવાની જડીબુટ્ટી બહાર નથી, આપણી અંદર છે. આપણે આ ચંચળ મન કે બુદ્ધિ નથી. નિત્ય સત્ય, શુદ્ધ, બુદ્ધ, અજર-અમર, અવિનાશી મુક્ત આત્મા છીએ. તત્ત્વબોધ વાંચો. આત્મબોધનું મનન -ચિંતન કરો. બાહ્ય દશ્યમાન વિશ્વથી પર પૃથક, તમારી દિવ્ય અને ભવ્ય ચેતનાને ઓળખો અને ખરા અર્થમાં દિવ્ય જીવન પ્રાપ્ત કરીને માનવજીવન ધન્ય કરો.

નવેમ્બર મહિનાનું 'દિવ્ય જીવન' હાથમાં આવે ત્યારે દિવાળીના શુભ દિવસો આવી ગયા હશે. તદર્થે આપ સૌને દિપાવલી અને નૂતનવર્ષની અનેકશઃ શુભાકાંક્ષા. ૐ શાંતિ

- સંપાદક

# ગુરુકૃપા હી કેવલમ્

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

**[શ્રી ગુરુપૂર્ણિમાના પવિત્ર પર્વ પૂર્વે તા. ૨૨-૭-૨૦૧૮ થી તા. ૨૯-૭-૨૦૧૮ સુધી શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં શ્રી ગુરુપૂર્ણિમા જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં થયેલાં પ્રવચનોનો સારાંશ અહીં પ્રગટ કરતાં આનંદ અનુભવીએ છીએ.]**

ગુરુભગવાન શ્રી સ્વામી શિવાનંદજી મહારાજનો ૧૦૦ વર્ષનો ઉત્સવ પ્રારંભ થયો. ૧૯૮૬ની ૭ સપ્ટેમ્બરના રોજ આશ્રમમાં એક મોટો વિશેષ સત્સંગ થયો, કારણકે ૮ સપ્ટેમ્બરના રોજ એકસોમું વર્ષ ચાલુ થવાનું હતું. સ્ટેમ્પ રિલીઝ કરવામાં આવવાની હતી. પૂરા ભારતમાં એકસો સ્થાન પર આ સ્ટેમ્પ રિલીઝ કરવા માટે પ્રબંધ કરવામાં આવ્યો હતો. સૌ એમ ઈચ્છતા હતા, કે આ ઉત્સવ દિલ્હીમાં પણ થાય અને દિલ્હીમાં થાય તો ત્યાં કાર્યક્રમ કરવો પડે. આગલા દિવસે ૭ સપ્ટેમ્બરે ગુરુભગવાન સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજની આજ્ઞાથી અમે ગાંધર્વ કોયરને આશ્રમમાં નિમંત્રિત કર્યું. કોયર એટલે વૃંદગાન. અમારા ગુરુમહારાજે મને એક અઠવાડિયા પહેલાં પૂછ્યું, 'ગાંધર્વ કોયરમાં કેટલા ગાયક-વાદક આવશે ?' મેં કહ્યું, 'પિસ્તાલીસ લોકો આવશે.' એમણે કહ્યું, 'બહુ સરસ ! માતાઓ કેટલી હશે ?' મેં કહ્યું, 'બાવીસ.' એમણે કહ્યું, 'તમે એક કામ કરો દહેરાદૂન જાવ. એક જ રંગની બાવીસ સાડી ખરીદ કરો. લાઈટ બ્લૂ રંગની સાડી અને મોટી ડાર્ક બોર્ડર હોવી જોઈએ. બ્લાઉઝ પીસ પણ હોવો જોઈએ. બાવીસ માહિલાઓ છે તો ત્રેવીસ પુરુષો હશે ! તેમના માટે ઓફ વ્હાઈટ રંગના ખાદી સિલ્કના ઝભ્ભા-પાયજામાનું કાપડ લાવજો. તેમના ખભા પર રાખવા બ્લૂ સ્કાર્ફ લાવજો. માતાઓ માટે પીળા રંગની ચમકતી સાડી પિન લાવજો અને પુરુષોને પણ સ્કાર્ફમાં લગાવવા પિન લાવજો. બ્રાયો મદીના રોઝ નર્સરીમાં જઈ સફેદ કે પીળાં પિસ્તાલીસ ગુલાબ બાજુ પર મુકાવજો. કહેજો કે અમારે કાલે જોઈશે. લેડીઝ રૂમાલ પર બહેનોના નામનો પહેલો લેટર લખાવો. યુડીકોલન લાવો. એની સુગંધ માઈલ્ડ હોવી જોઈએ. આટલી તૈયારી કરો. દરજીને કહી રાખજો કે ચોવીસ કલાક પહેલાં આવે અને માપ લઈને મહિલાઓના બ્લાઉઝ અને પુરુષના કુરતા સીવવાના છે.' હું વિચારતો રહ્યો કે ગુરુભગવાન સ્વયં અડધું વસ્ત્ર પહેરે છે અને તેઓ બીજાં માટે કેટલું વિચારે છે ? ગુરુભગવાનની અંદરની આ કેવી સ્થિતિ ? મહારાજાને ત્યાં જન્મ્યા હતા, માટે આ બધી ખબર હતી અને બીજા દિવસે અવસ્થા પૂરી અલગ હતી. દિલ્હીમાં ફિકી હોલમાં ૬૫૦ લોકો બેસી શકે, જેમાં અમે આકાશવાણીથી શહેનાઈવાદક અને સારાં ગાયક-ગાયિકાઓને નવ વાગ્યે કાર્યક્રમ ચાલુ કરવાનું કહ્યું હતું. લોકોને પણ કહ્યું હતું કે ૮.૪૫ વાગે પોતાનું સ્થાન ગ્રહણ કરી લેવું. રાષ્ટ્રપતિજીને દસ વાગ્યે બોલાવ્યા હતા. હોલ સંપૂર્ણપણે ભરાઈ ગયો હતો. અમે એક મહિનાથી એ પ્રયત્ન કરતા હતા કે એક પણ ખુરશી ખાલી નહીં રહેવી જોઈએ. દિલ્હીમાં ચાલુ દિવસે કોઈ કાર્યક્રમ ના થઈ શકે. જાહેર રજા સિવાય કોઈ આવી શકે નહીં. અમને પણ વિચાર આવ્યો કે લોકો સવારે દસ વાગ્યે કેવી રીતે આવશે ? પણ હોલ ભરાઈ ગયો. ક્લોઝ સર્કિટ ટીવી પણ રાખ્યું. દૂરદર્શનમાંથી પણ લોકો આવ્યા. આદરણીય રાષ્ટ્રપતિ મહોદય આર. વેંકટરામનજી પધાર્યા. દીપપ્રજ્વલન કરવાનું હતું. જ્યારે દીપપ્રજ્વલન થયું ત્યારે સન્માનનીય રાષ્ટ્રપતિ મહોદય એ તરફ ગયા તો આશ્રમના બે સંત પણ ઊઠીને આવ્યા. મોટા સ્વામીજીએ ઘૂંટણ સુધીનું અડધું વસ્ત્ર પહેર્યું હતું. એ ફોટો લેવડાવવા ગયા નહીં. રાષ્ટ્રપતિજીએ એમને બોલાવ્યા એટલે ત્યાં ગયા. આગળની સાંજે આશ્રમમાં જે કાર્યક્રમ થયો તેમાં મહિલાઓ-પુરુષો માટે કેટલું બધું

વિચારનારી મહાન વિભૂતિ આજે શરીર ઢાંકવા માટે ટૂંકું વસ્ત્ર પહેરીને આવ્યા હતા. રાષ્ટ્રપતિ છે તો છે. બિલકુલ **"દ્વે વિદ્યે વેદિતવ્યે પરાશ્ચૈવ અપરાચ!"** બે વિદ્યા છે – ઈહલોક અને પરલોકની. ઈહલોકની વિદ્યા પ્રમાણે ધામધૂમ કરવાનું કહ્યું હતું, પરલોકની વિદ્યા છે : **"ત્યાગેન એકેન અમૃતત્વ માનશુઃ."** ત્યાગથી જ અમૃતની પ્રાપ્તિ થાય છે. 'હું અધ્યક્ષ છું' એનો ત્યાગ છે. 'મને નામ, યશ, કીર્તિ મળે' એનો ત્યાગ છે. ફોટો પડાવવાનો કે પ્રેસિડેન્ટ સાથે ઊભા રહેવાનો કોઈ શોખ નથી. તમે વિચારો કે બંને અવસ્થા કેવી રીતે હોઈ શકે ? અમે અમારા ગુરુજીને દિવસમાં પણ જોયા છે, રાત્રે પણ જોયા છે, એકાંતમાં પણ જોયા છે, ભીડમાં પણ જોયા છે. આ જ આપણા જીવનનો એક પાઠ છે. આપણા જીવન માટે આદર્શ આપણા ગુરુ છે.

શ્રી ચૈતન્ય કહેતા હતા :

**'જદી આમાર ગુરુ સુરાબાડી તે જાય,**
**તાઉ આમાર ગુરુ જદુમણી રાય.'**

મારા ગુરુ કદાચ શરાબની દુકાને જશે તો પણ મને ખબર છે, મારા ગુરુ સ્વયં પરમાત્મા છે. એ એક નિર્વિવાદ સત્ય છે. ક્યારેક લોકો પ્રણામ કરીને ગુરુમહારાજનાં ચરણોમાં પૈસા મૂકતા. તેઓ ઊઠીને સીધા ચાલ્યા જતા. કેટલા રૂપિયા છે તે જાણવાની કોઈ ઈચ્છા નહોતી. આદિત્ય બિરલાજીની સમાધિ પછી તેમનાં માતુશ્રી સન્માનનીય સરલાદેવી બિરલાજીએ મહારાજશ્રીને કહ્યું કે, 'દર વર્ષે તમારું પ્રવચન કલામંદિરમાં થાય છે તેમ આ વર્ષે પણ થશે. આદિત્યે કહ્યું છે કે થવું જ જોઈએ.' મહારાજશ્રીએ કહ્યું, 'ઠીક છે.' મહારાજશ્રીનાં છ દિવસ પ્રવચન થયાં. છેલ્લા દિવસે સરલાદેવીજી ખૂબ કીમતી, ખૂબ ચમકદાર મણિમાણેકમંડિત સોનામાં જડેલી માળા લઈને આવ્યાં અને કહ્યું, 'મહારાજશ્રી, આદિત્યે કહ્યું હતું કે આપ ફૂલની માળા ગ્રહણ કરતા નથી, માટે આપના માટે આ લાવી છું.' સરલાદેવીજીએ મહારાજશ્રીના ગળામાં માળા પહેરાવી દીધી. ત્યાંથી ઊઠીને અમે સૌ હાવડા રેલવે સ્ટેશને ગયાં. રાતે સાડા અગિયાર વાગ્યે ભુવનેશ્વર જવાની ટ્રેનમાં બેસવાનું હતું. એના પહેલાં રેલવે સ્ટાફનું જે રિક્રિએશન સેન્ટર છે તેના વ્યાખ્યાનખંડમાં સ્વામીજીનો સત્સંગ સાંભળવા ઘણાં લોકો એકઠા થયા. હિંદી સિનેમાના એક બહુ જ જૂના કલાકાર શ્રી હરીન્દ્રનાથ ચટ્ટોપાધ્યાયને શ્રી જીતેન્દ્ર મોહન ગોસ્વામીજી ત્યાં લઈ આવ્યા. સ્વામીજીએ ઊઠીને એમને આવકાર આપતાં એમનાં ગળાં ફરતે હાથ મૂક્યો અને પોતાના ગળાની માળા એમના ગળાંમાં પહેરાવી દીધી. એ કલાકાર માળાને જોઈ રહ્યા. મહારાજશ્રીએ ધીમેથી કહ્યું, 'સંભાળીને રાખજો. થોડી કિમતી છે.' માળા પહેરવા માટે કોઈ હર્ષ નથી, માળા આપવા માટે કોઈ વ્યથા નથી.

આજે 'દિવ્ય ભાસ્કર'માં ગુરુપૂર્ણિમા અંક માટે ફોન કરીને મને પૂછવામાં આવ્યું કે, 'સ્વામીજી, પચાસ – સાઈઠ શબ્દમાં ગુરુ કેવા હોવા જોઈએ ? તે લખી આપો.' મેં કહ્યું, 'ત્યાગી હોવા જોઈએ, લોભરહિત હોવા જોઈએ, અહંકારશૂન્ય હોવા જોઈએ, સરળ હોવા જોઈએ, સહજ હોવા જોઈએ, શિષ્યના અયોગ્ય વર્તન માટે જાગ્રત કરનાર પણ હોવા જોઈએ, શિષ્યના કલ્યાણ માટે કરુણાથી ભરેલા હોવા જોઈએ, પોતાના કરતાં શિષ્ય મહાન બને એવી વિચારધારાવાળા હોવા જોઈએ. શિષ્યના અભ્યુદયથી પ્રસન્ન થનારા હોવા જોઈએ. ગુરુ ભગવાન જેવા જ હોવા જોઈએ.' આમ લખી મેં નીચે લખી દીધું, 'આ કલ્પના નથી, અનુભૂતિ છે.' અમે અમારા ગુરુજીને આવા જોયા છે.

શિવાનંદ આશ્રમમાં શિવાનંદ શતાબ્દી ઉત્સવમાં ઉત્તર પ્રદેશના મંત્રીજીનું આગમન શિવાનંદ દ્વારનાં ઉદ્‌ઘાટન કરવા માટે થયું. આશ્રમના તમામ વરિષ્ઠ સંતો એકત્રિત થયા. સમાચાર આવ્યા કે તેઓ ઋષીકેશથી નીકળી 'મુનિ કી રેતી' આવી ગયા છે. પૂજ્ય ચિદાનંદજી મહારાજ ગુરુનિવાસથી નીકળ્યા તો બહાર આઠ-દશ કોઢી લોકો આવી ગયા. કહેવા લાગ્યા કે અમારે બહુ મોટી સમસ્યા છે. ગુરુમહારાજે તેમને બેસાડ્યા. પોતે

પણ સીડીમાં જ બેસી ગયા અને તેમની વાત સાંભળવા લાગ્યા. એમના સેવક શ્રી રામસ્વરૂપજીએ કહ્યું, 'ત્યાં ચીફ મિનિસ્ટર આવ્યા છે અને તમે અહીં કેમ બેઠા છો?' મહારાજજીએ કહ્યું, 'ઓ જી ! એ ચીફ મિનિસ્ટર છે ને તેમને જોવા તમે જાઓ અને કૃષ્ણાનંદજી સ્વામીજી, માધવાનંદ સ્વામીજી, પ્રેમાનંદ સ્વામીજી ત્યાં છે, અન્ય સંતો પણ ત્યાં છે. આમને જોવા પણ કોઈ જોઈશે ને ? હું અહીં રોકાવું છું.' એમણે કોઢી લોકોની પૂરી વાત સાંભળી. ધ્યાન આપો – આ બહુ નાની નાની વાતો લાગે છે, પરંતુ દરેક વાતમાં ખૂબ મર્મ રહેલો છે.

વિષ્ણુસહસ્રનામમાં કહ્યું છે – **આચાર પ્રભવો ધર્મ** – આપણો શ્રેષ્ઠ ધર્મ આપણું આચરણ. ધર્મ તિલક-ત્રિપુંડથી નથી થતો. કોઈ એક સજ્જન કાલે આવ્યા હતા, તેમણે કહ્યું, 'હું બાવીસમી વખત કૈલાસ-માનસરોવર જઈ આવ્યો.' ખુશીની વાત છે. પણ ક્યારેક ક્યારેક એવું લાગે કે એનો શું અર્થ છે ? વિદેશથી પક્ષીઓ દર વર્ષે અહીં આવે છે ને જાય છે. હૃષીકેશ-હરિદ્વારના ડ્રાઈવર દર અઠવાડિયે બે વાર બદરીનારાયણ જાય છે. ત્યાં જઈને શું કરે છે? થોડો શરાબ પીને સૂઈ જાય. સવારે પાછા આવે. યાત્રા કરવી ખોટી નથી પણ યાત્રામાં શરીર જાય છે કે મન ?

આજે સવારે આશ્રમમાં વન મહોત્સવ થયો. બસોથી વધારે વૃક્ષારોપણ થયું. રાયણ, બોરસલ્લી, ગુલમહોર, લીમડો એવાં મોટાં ઝાડ લગાવ્યાં. તે સમયે ઘણાં મહાનુભાવ અહીં બેઠાં હતાં. આદરણીય મેયર બીજલબહેન, પૂર્વ મેયર આદરણીય અસિત વોરા પણ હતા અને ઈન્ડસ્ટ્રીઝના મોટા મોટા લોકો હતા. તેમણે પૂછ્યું, 'સ્વામીજી, તમે કહ્યું કે તમે આશ્રમમાં Water logging માટે કોશિશ કરી છે કે પૂર્વ દરવાજે કે દક્ષિણ દરવાજેથી જે પણ પાણી આવે છે તે એક જગ્યાએ જમા થાય છે, જે એંશી ફૂટ ઊંડા કૂવામાં જાય છે તે સારી વાત છે. પણ તમે છાપામાં  કેમ લખતા નથી ? શ્રાવણ મહિનામાં ભગવાન પર કેટલું દૂધ ચઢાવાય છે ? આટલાં બધાં બીલીપત્ર ચઢાવવાનો હેતુ શું છે? શું પાણી વધારે ચઢાવવાથી શિવજી જલદી પ્રસન્ન થશે ? ' અમે તો કહ્યું, 'અમારો તો પ્રબંધ છે કે દૂધ જે ચઢવાય છે તે ભરી લઈ કૂતરાંઓને પીવડાવીએ છીએ. પાણી જે ચઢાવાય છે તે જમીનમાં જાય છે અને બીલીપત્ર બગીચામાં ખાતર થાય છે.' આ શા માટે કહું છું ?

**ગુરુ હમારે તન મન ધન હૈ**
**ગુરુ હમારે પ્રાણ**
**સારે વિશ્વ કા વોહી દાતા**
**નારાયણ ભગવાન**

ગુરુભગવાનનું જીવન ખુલ્લાં પુસ્તક જેવું હતું. મહારાજજી વિદેશયાત્રાથી પાછા આવ્યા ત્યારે એરપોર્ટ પર ઘણાં લોકો ગયાં. બધાં ગુલદસ્તા-ફૂલની માળાઓ લઈને આવ્યાં હતાં. હું લાલાજીના ઘરેથી એક તુલસીપત્ર લઈને ગયો હતો. મેં મહારાજશ્રીને દંડવત્ પ્રણામ કરી એમના હાથમાં તુલસીપત્ર મૂક્યું. બીજા કોઈને કંઈ જ પૂછ્યું નહીં. મેં તુલસીપત્ર આપ્યું તો મને પૂછ્યું, 'ક્યાંથી લાવ્યા ?' મેં કહ્યું, 'લાલાજીના ઘરેથી.' તોડતાં પહેલાં લીલાવતી માતાજીને પૂછ્યું હતું ?' મેં કહ્યું, 'હા, પૂછ્યું હતું.' 'એમના ઘરમાં કેટલા દિવસથી છો ?' મેં કહ્યું, 'પાંચ દિવસથી છું.' 'પાંચ દિવસમાં ક્યારેક તુલસીજીને પાણી પાયું હતું ?' મેં કહ્યું, 'જીહા, આખાયે બગીચાને દરરોજ પાવું છું.' 'ઠીક છે, ધન્યવાદ.' હવે તુલસીજી લઈ માથા પર ચઢાવ્યું અને ખિસ્સામાં મૂકી દીધું. એક તુલસીપત્ર તોડો તો એના માટે પણ કોર્ટ માર્શલ છે. આને જાગ્રત અવસ્થા કહે છે.

અહીં સ્વામી કમલાનંદજી મહારાજ બેઠા છે. તેઓ શિવાનંદ આશ્રમમાં ૧૨-૧૫ વર્ષ રહ્યા. શિવાનંદ ભવનમાં રહેતા હતા અને તે જગ્યા એકદમ સાફ રાખતા હતા. સુંદર બગીચો પણ રાખતા હતા. કોઈ પણ આવે તો એને ગુરુદેવ કહેતા, 'જઈને કમલાનંદ સ્વામીજીને જુઓ. તમે તમારી કુટિરમાં કેમ આવું નથી રાખતા ?' જે કાર્ય આપણે કરીએ તેમાં પ્રેરણા પ્રાપ્ત થાય, જીવનમાં નવો પ્રકાશ પ્રાપ્ત થાય એ જ ભાવ રહેતો.

આદરણીય બ્રહ્મલીન શ્રી પ્રમુખસ્વામીજી

મહારાજનો એક મોટો ઉત્સવ એલેક્ઝાંડરપાર્ક, લંડનમાં થયો. આ પ્રસંગે કોઈ ભક્તે એમને મોંઘામાં મોંઘી કાર ભેટ આપી. શ્રી પ્રમુખસ્વામીજી મહારાજે કહ્યું, 'શ્રી ચિદાનંદજી મહારાજને એરપોર્ટથી આ કારમાં લઈ આવજો એટલે પ્રસાદી થઈ જશે.' પ્રમુખસ્વામીજી અમારા ગુરુનો કેટલો મહિમા કરતા હતા ! અને અમારા ગુરુમહારાજને મળવા માટે લંડનથી કેટલાક સંતો આવ્યા તો મહારાજજીએ પૂછ્યું, 'તમે સામૈયામાં આવવાના છો?' સંતોએ કહ્યું, 'ના, મહારાજજી, અમે આપનાં દર્શન કરી લીધાં.' ગુરુભગવાને કહ્યું, 'તમારે આવવું જ જોઈએ. શ્રી પ્રમુખસ્વામી પ્રત્યક્ષ સ્વામિનારાયણ ભગવાન છે. એમના દર્શન માટે તમારે આવવું જ જોઈએ.' એક કહે છે સ્વામી ચિદાનંદજી મહારાજ કારનો ઉપયોગ કરશે તો એ પ્રસાદી થશે અને બીજા કહે છે, પ્રમુખસ્વામીજીનાં દર્શન એટલે સાક્ષાત્ શ્રીજી મહારાજનાં દર્શન. ગુરુનો મહિમા તેમના શિષ્ય કેટલા છે, કાર્યક્રમ કેટલા થાય છે, કેટલી મોટી કારમાં ફરે છે, કેટલા લોકો તેમની સાથે ચાલે છે, કોઈ છત્ર લગાવે છે કે નહીં, તેનાથી નથી. દરેક નાની નાની વસ્તુમાં પણ પરમાત્માનું દર્શન કરવું, **જિધર દેખતા હૂં ઉધર તૂ હી તૂ હૈ**, આ ગુરુભાવ છે. નારાયણસૂક્તમાં કહ્યું છે –

**'યચ્ચ કિંચિતજગત્સર્વં દશ્યતે શ્રુયતેઽપિ વા।**
**અન્તર્બહિશ્ચ તત્સર્વં વ્યાપ્ય નારાયણઃ સ્થિતઃ ॥'**

જગતમાં જે કંઈ દેખાય છે, સંભળાય છે તેની અંદર-બહાર પરમાત્મા છે. વિચારો કે આપણે આપણા દૈનિક જીવનમાં જે લોકો સાથે રહીએ છીએ, જે પરિસરમાં રહીએ છીએ, જે માહોલમાં રહીએ છીએ, તેમની સાથે આપણો આવો વ્યવહાર છે ? હું કોઈને પ્રેમથી મદદ કરી શકું, સેવા કરી શકું, કોઈના ઉપયોગમાં આવી શકું; આ ભાવ છે તો ગુરુતત્ત્વ, પરંતુ હું કોઈની પાસેથી શું લઈ લઉં, કોઈને exploit કરું, તો એ ગુરુતત્ત્વ નથી. જે દિવસે તમે કોઈની પાસે માગવાની રુચિ રાખશો તે દિવસે તમારો હાથ નીચો થઈ જશે. માગવાવાળાનો હાથ નીચે હોય છે. કેટલાક મોટા મોટા ગુરુ મંત્રદીક્ષા આપે તો ભક્તને આશ્રમને ભેટ ધરવા મોટું લિસ્ટ આપે છે. અમારા ગુરુમહારાજ કંઈ લેવાની રુચિ રાખતા નહીં. તેઓ એકસાથે હજાર લોકોને મંત્રદીક્ષા આપતા. મંત્રદીક્ષા આપતી વખતે એમનો પૈસા કે વસ્તુ લેવાનો કોઈ હેતુ રહેતો નહીં. ક્યારેય પૂછતા પણ નહીં. કેટલા પૈસા આવ્યા, કેટલો ચઢાવો આવ્યો !

ગુરુએ પોતાની જાતને સંસ્થાપિત કરવાની છે, જેથી શિષ્ય એમને જોઈને એમનું અનુકરણ કરે. ગુરુ આદેશ, આજ્ઞા આપવાની રુચિ ન રાખે. ગુરુ અધિકથી અધિક વિનમ્રભાવમાં રહે. મોટા મોટા ગુરુ હંમેશાં એમ જ કહે –

તવદાસોઽહમ્, તવદાસોઽહમ્ , તવદાસોઽહમ્ ।

ભૃત્યસ્ય, ભૃત્યસ્ય, ભૃત્યસ્ય, ભૃત્ય । હું તમારા દાસના દાસનો દાસ છું. શિષ્ય પાસે ક્યારેય કોઈ અપેક્ષા નથી. એક સોપારીની પણ અપેક્ષા નથી હોતી.

**અદ્વેષ્ટા સર્વભૂતાનાં મૈત્રઃ કરુણ એવ ચ।**
**નિર્મમો નિરહઙ્કાર સમદુઃખસુખઃ ક્ષમી॥**
**સન્તુષ્ટઃ સતતં યોગી યતાત્મા દૃઢનિશ્ચયઃ॥**
**મય્યર્પિતમનોબુદ્ધિર્યો મદ્ભક્તઃ સ મે પ્રિયઃ॥**

(ભ.ગી.૧૨ (૧૩-૧૪))

અમારા ગુરુમહારાજ માટે એક સંન્યાસીએ બહુ જ ખરાબ લખ્યું. તેણે બત્રીસ પાનાં ભરીને એમની નિંદા કરી હતી. એ વખતે હું પટ્ટમડાઈમાં હતો. એણે મને ત્યાં વાંચવા આપ્યું. મેં એ બાજુ પર મૂકી દીધું પણ ચારે બાજુથી બધાં કહેવા લાગ્યાં કે આને ચૂપ કરો પણ ગુરુદેવનું કોઈ જ reaction નહીં. બે વર્ષ પછી તે સંન્યાસીનો ડાયમંડ જયુબિલી મહોત્સવ થયો. તે સમયે ગુરુદેવે દિવ્ય જીવન માસિકમાં એ સંન્યાસી વિશે ખૂબ સરસ લખી છપાવી દીધું. આ જ સાધુતા છે. કોઈના માટે દ્વેષ નહીં.

એક વખત દિલ્હીમાં ગુરુમહારાજે મને પછ્યું, 'શ્રી શ્રી મા આનંદમયી ક્યાં છે ?' મેં કહ્યું 'આજે મા વિશ્વનાથ મેલથી કાશી જવાનાં છે.' મહારાજે એક

મોટો, એક નાનો ફળનો ટોપલો લીધો અને દિલ્હી રેલ્વે સ્ટેશન ગયા. માની ગાડીને છેક કમ્પાર્ટમેન્ટ પાસે લાવી ઊભી રાખવામાં આવી. ગુરુમહારાજે રેલ્વે સ્ટેશન પર પ્લેટફોર્મ ઉપર જ દંડવત્ પ્રણામ કર્યા. એમને સર્વત્ર કેવળ મા દેખાય છે. મા સમાધિમાં આવતાં હોય તેમ 'બાબા, બાબા' કરતાં મહારાજજી પાસે આવ્યાં. મહાપુરુષોની એવી ચેતના છે, પોતાના હૃદયના ભાવ તરત જ ત્યાં પહોંચે છે.

૧૯૫૦માં ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ અખિલ ભારત યાત્રામાં ગયા હતા. તે જ પ્રમાણે તેનાં ૨૫ વર્ષ પછી અમો પણ યાત્રામાં ભુવનેશ્વર ગયા. ત્યાં એમના સ્વાગત માટે રાજભવનમાં કાર્પેટ પાથરવામાં આવી હતી. મહારાજજી માટે પ્રાઈવેટ ફ્લાઈટ રાખી હતી. એમના સત્સંગમાં એક લાખ લોકો બેસતા. સૌ એમને 'ચિદાનંદ મહાપ્રભુ' કહેતાં. ત્યાંના મહારાજાએ ગુરુદેવ પાસે મંત્રદીક્ષા લીધી હતી. એક વાર જગન્નાથજીની રથયાત્રા થઈ ત્યારે મહારાજજી છાંયડામાં બેસી દર્શન કરી શકે એવી વ્યવસ્થા કરવામાં આવી હતી. જ્યારે રથ ત્યાં પહોંચ્યો, જગન્નાથજીનો રથ ગુરુદેવની સામે જાતે જ ફરી ગયો. ચારેકોર જયજયકાર થઈ ગયો. શ્રી શ્રી મા આનંદમયી કહેતાં, 'બાબાનાં દર્શન એટલે સાક્ષાત્ નારાયણનાં દર્શન.'

શ્રી સ્વામી શિવાનંદજી મહારાજને તેમની અખિલ ભારત યાત્રામાં મોગલ સરાઈ રેલ્વે સ્ટેશન પર ગાર્ડે કહ્યું હતું, 'મહારાજ, મારી ચાલીમાં પધારો.' સ્વામી શિવાનંદજી મહારાજે ત્યાં એક ઝાડ નીચે બેસી સરસિયાના તેલમાં બનાવેલો ઘઉંના લોટનો શીરો ખાધો હતો. ૨૫ વર્ષ પછી અમે ત્યાં ગયા તો અમને ત્યાં જ બેસાડી એવો જ શીરો આપ્યો. ગુરુમહારાજ ઘી કે તેલ ખાતા જ નહોતા, પરંતુ એની ખુશી માટે શીરો પ્રેમથી ખાધો.

**'દુર્યોધન કો મેવા ત્યાગો**
**સાગ વિદૂર ઘર ખાઈ**
**સબસે ઊંચી પ્રેમસગાઈ'**

કટકમાં સોળ ગનથી ગુરુદેવને સલામી અપાતી, અહીં જવાહરલાલ ગુપ્તાના ઘરે જૂના પલંગ પર પીપળાના ઝાડ નીચે બેસી સરસિયાના તેલમાં ઘઉંના લોટનો શીરો - બંને પરિસ્થિતિમાં તેમને મન કોઈ ફરક નથી. આ ગુરુની વાસ્તવિક અવસ્થા છે.

ગુરુભગવાન શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ એક ભક્તને ખૂબ પસંદ કરતા. એ ભક્તે દિવ્ય જીવન સંઘ, આદિપુર ખાતે હોસ્પિટલ બનાવી હતી અને પોતે ૩૬૫ દિવસ રાધાકૃષ્ણના મંદિરમાં ખંજરી વગાડી સત્સંગ કરતા. એ ભક્ત ચિદાનંદના બદલે 'ચિંદાનંડ' બોલતા. ગુરુદેવ પણ એમની સાથે 'ચિંદાનંડ' જ બોલતા. જીવનમાં કેટલી બધી પારદર્શકતા, સરળતા!

એક વખત સુસવાતો શિયાળો હતો. સ્વામી ચિદાનંદજી તેમના સેવક બ્રહ્મચારી રામસ્વરૂપજી અને ત્રણ બીજા સંત હરિદ્વારથી શ્રી શ્રી મા આનંદમયી માના આશ્રમથી સત્સંગ કરી પાછા આવતા હતા. ઠંડી કડકડતી હતી. ઝરમર-ઝરમર વરસાદ પણ વરસતો હતો. સાંજના છએક વાગ્યાનો સુમાર હશે, પણ લાગતું એવું હતું કે મધરાત થઈ ગઈ છે. હરિદ્વાર-હૃષીકેશનો માર્ગ ભેંકાર ભાસતો હતો. કોઈ વાહનવ્યવહાર કે વટેમાર્ગુની અવરજવર નહોતી. રાયવાલા પહેલાં એક વૃદ્ધ ગામડિયો એક યુવતી સાથે વરસાદે ભીંજાતો અને ઠંડીમાં ધ્રુજતો ઊભો હતો. સ્વામી ચિદાનંદજી એમ્બેસેડર ગાડીમાં આગલી સીટમાં પલાંઠીવાળીને બેઠા હતા. પેલા વૃદ્ધને એક યુવતી સાથે આમ ઊભેલાં જોઈ તેમણે ડ્રાઈવરને કહ્યું, 'ઓ જી ! ગાડી રોકો.' સેવક સત્વરે જ બોલ્યા, 'ગાડીમાં જગ્યા ક્યાં છે ?' ગુરુદેવે કહ્યું, 'કેમ તમે ચાર લોકો પાછળ બેસી શકો તો આગળ ચાર કેમ ન બેસી શકે ? અને જો દિલમાં જગ્યા હોય તો ગાડીમાં જગ્યા કરવાની કંઈ મુશ્કેલી નથી હોતી.'

પેલા વૃદ્ધને સ્વામીજીએ જ પ્રેમથી પૂછ્યું, 'બાબા! ક્યાં સુધી જવું છે ?' ધ્રુજતો દયાની ભીખ માગતો જવાબ મળ્યો, 'બાબાજી ! હૃષીકેશ જવું છે.' 'આવો' એમ કહી ગુરુદેવે પોતાની પલાંઠી ખોલી નાખી અને ડ્રાઈવરને અઢેલીને બેઠા. પછી વૃદ્ધને બેસાડ્યા. ત્યારબાદ તેમની સાથેની યુવતીને. તેઓ ભીંજાયેલા

હતાં. ગઢવાલના પહાડી લોકો દરરોજ નહાવા કે પોતાનાં કપડાં દરરોજ ધોવા ટેવાયેલા નથી હોતા. સ્વામી ચિદાનંદજીનાં બધાં જ કપડાં આ વૃદ્ધને અડકીને ખૂબ જ ભીંસીને બેસવાથી ભીનાં થયાં હતાં. કાર એક 'ટિપિકલ' ગઢવાલી વાસથી ગંધાઈ ઊઠી હતી, પરંતુ 'ચિદાનંદ' જેનું નામ. ખૂબ જ પ્રેમથી તેમણે વૃદ્ધ સાથે વાતો કરી. જાણે બંને યુગોથી એકમેકને ઓળખતા ન હોય?

ખબર પડી, વૃદ્ધની સ્ત્રી મરણપથારીએ છે. આ યુવતી તેની દીકરી છે. જમાઈ ફોજમાં છે. સાસુ એકલી વહુને મોકલવા રાજી ન હતાં. તેથી પિતા લેવા ગયા હતા. સ્વામીજી છેક તેમના ઘર સુધી ગલી-અંધારામાં ભંડકિયામાં બંનેને મૂકી આવ્યા. બીમાર સ્ત્રીની વિગત જાણી. આશ્રમે પહોંચીને વળતા પગલે ડૉક્ટરને બધી આવશ્યક દવા, ઈંજેક્શન અને ફળ-બિસ્કિટ સાથે મોકલ્યા. દરરોજ એક બ્રહ્મચારી એમના ઘેર જતો. મહિલા સાજી થતી ગઈ. સારી થઈ હરવા-ફરવા લાગી. વૃદ્ધને તેની પત્ની અને દીકરીને તેની માતા પાછી મળી.

આ બધી વાતો પુસ્તકમાં નથી હોતી.

કબીરજી કહે છે :

**તુમ કહેતે કાગજ કી લેખી**
**હમ કહેતે આંખન કી દેખી.**

ગુરુ હંમેશા કલ્યાણમૂર્તિ છે, દયાના સાગર છે. એક વાર શરણાગતિ સ્વીકારો તો ખરા, ખોબે ખોબે કૃપાની લહાણ આપશે. જગતની તમામ કરુણા એના હૃદયમાં ભરી છે તેનું આપણા હૃદયમાં ચિંતન એ જ જ્ઞાનયજ્ઞ એ જ ધ્યાન. **ૐ શાંતિ.**

**(વેદાંત સાધનામાં ગુરુતત્ત્વ પાના નં. ૨૧ ઉપરથી ચાલુ)**

તો સ્વપ્નમાં પણ હું 'સુખસ્વરૂપ' છું તે ખ્યાલ નહીં આવે. ખુશી વહેંચે તે પ્રસન્ન રહે છે. હું સુખ વહેંચી શકું છું. એનો અર્થ કે મારી પાસે બહુ સુખ છે – એ પોતાના સ્વરૂપને શોધવાનો એકમાત્ર માર્ગ છે.

ગુરુજીની સેવાથી સુખ પ્રાપ્ત થાય છે. ગુરુજીને કહો, 'હું અલ્પજ્ઞ છું. મારે જ્ઞાન પ્રાપ્ત કરી બ્રહ્મ બનવું છે. મારી અલ્પજ્ઞતાથી મને છોડાવો, ગુરુદેવ ! આપના ઉપદેશ અનુસાર હું જીવીશ તો મારું કલ્યાણ થશે.' ગુરુજીના કહેવા અનુસાર અધ્યયન કરીએ ત્યારે આપણા મનને ટેબલ પર મૂકી ડિસેક્શન કરીએ છીએ. ગુરુજી અહંકારનું વિશ્લેષણ કરાવે છે. હું અલ્પ-દુઃખી છું, એવું માનનાર ક્યારેય પૂર્ણ થઈ શકે ? રજ્જુ અંધકારમાં સર્પ દેખાય છે, પ્રકાશમાં રજ્જુ દેખાય છે. સર્પ રજ્જુ બની ગયો ? ના, હું જીવ છું તો બ્રહ્મ બની શકું ? જીવ છું એ જ ભ્રમ છે, ગુરુ પાસે શ્રવણ કરી પોતાની જાતનું વિશ્લેષણ કરીએ છીએ ત્યારે સત્યનું જ્ઞાન થાય છે.

ગુરુજી પાસે જઈએ ત્યારે પોતાના માટે મોટો ખ્યાલ હોય છે, પરંતુ બિંદુને સિંધુ બનવા માટે પોતાનું સ્વરૂપ છોડવું પડે છે. નદી પોતાનું સ્વરૂપ છોડી દે છે ત્યારે સમુદ્ર બને છે. અભિમાન એટલું જ છે કે અમે તો નિરભિમાની છીએ. પ્રવચન કરવું સરળ છે, આત્માને

# ગુરુભક્તિયોગ-૧

શ્રીમતી રૂપા મજમુદાર

ગુરુભક્તિયોગ આપણી હિંદુ સંસ્કૃતિની એક પ્રાચીન શાખા છે. તે વેદ અને ઉપનિષદના સમય જેટલો પ્રાચીન છે. ગુરુભક્તિયોગ એ યોગનો ખૂબ જ વિશિષ્ટ અને સ્વતંત્ર પ્રકાર છે. આપણે કહીએ છીએ બધાં જ પુસ્તકોની નીચે શ્રીમદ્ ભગવદ્ગીતા છે તેવી જ રીતે આપણે કહી શકીએ કે બધાં યોગની નીચે પાયામાં ગુરુભક્તિયોગ છે. જો ગુરુભક્તિયોગ સિદ્ધ થઇ ગયો તો બાકીના બધા જ યોગ-જ્ઞાનયોગ, ભક્તિયોગ, કર્મયોગ, રાજયોગ સ્વયં સિદ્ધ થઇ જશે. ગુરુભક્તિયોગ બધા યોગનો રાજા છે અને સાચો તથા સલામત યોગ છે, જેનો અભ્યાસ કરવામાં કોઇ પણ ભય નથી. તેને સિદ્ધ કરવા માટે ત્રણ વસ્તુની આવશ્યકતા છે - શ્રદ્ધા, નિષ્ઠા અને આજ્ઞાંકિતતા.

ગુરુભક્તિયોગનું પ્રથમ ચરણ છે - **શ્રદ્ધા**. ગુરુમાં અનન્ય શ્રદ્ધા હોવી આવશ્યક છે. શ્રી ચૈતન્ય મહાપ્રભુ એમ કહેતા કે, 'મારા ગુરુ મયખાનામાં જાય તો પણ કોઇનું કલ્યાણ કરવા જ ગયા હશે.' આ હકીકત છે, વાસ્તવિકતા છે. ગુરુભગવાન સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ વિદેશમાં અધ્યાત્મયાત્રા પર હતા. એક સાંજે તેઓ એકલા જ ચાલવા નીકળ્યા. એક દિશામાંથી કંઇ અવાજ આવી રહ્યો હતો. તેઓ એ દિશામાં ગયા. તેમણે જોયું તો કેટલાંક યુવક-યુવતીઓ અર્ધનગ્ન અવસ્થામાં અશ્લીલ ચેષ્ટાઓ કરતાં બીભત્સ નૃત્ય કરી રહ્યાં હતાં. આ જોઇ સ્વામીજી મહારાજને ખૂબ દુઃખ થયું. એમને થયું કે આપણું યુવાધન કઇ દિશામાં જઇ રહ્યું છે? તેમણે લખ્યું છે કે 'મને એ લોકોની આજુબાજુ અજ્ઞાનની ઊંડી અંધકારમય ખાઇ દેખાઇ રહી હતી. તેમના ગળામાં યમપાશ નખાયેલો હતો, જે ધીરે ધીરે મજબૂત થઇ રહ્યો હતો અને છતાં આશ્ચર્યની વાત તો એ હતી કે તેઓ એમ સમજતાં હતાં કે અમે આનંદ લઇ રહ્યાં છીએ અને દુનિયાની સૌથી સુખી વ્યક્તિ છીએ.' એક સંતથી આ કેમ સહન થાય? સ્વામીજી સ્ટેજ પર ચઢી ગયા અને વેદ ઉપનિષદના મંત્રઘોષ ચાલુ કર્યા. શરૂઆતમાં તો કોઇનું એ તરફ ધ્યાન નહોતું, પરંતુ થોડીવારે તેઓ બેહોશીની સ્થિતિમાંથી થોડા હોશમાં આવ્યા તો સ્વામીજીને જોઇ સ્તબ્ધ થઇ ગયા. પરંતુ એક શરારતી છોકરો કૂદીને સ્ટેજ પર ચઢી ગયો અને સ્વામીજીનું ઉત્તરીય વસ્ત્ર ખેંચીને લઇ લીધું અને પોતાના માથા પર મૂકી નૃત્ય કરવા લાગ્યો. સ્વામીજી કંઇ જ ના બોલ્યા. તેઓ શાંતિથી બહાર નીકળી ગયા. તેમને ખબર હતી કે મેં જે બીજ વાવ્યાં છે તે જરૂર રંગ લાવશે. બીજા દિવસે એ છોકરો હોશમાં આવ્યો તો એને પોતાના સ્વામીજી પ્રત્યેના દુર્વ્યવહારથી ખૂબ દુઃખ થયું અને સરનામું શોધતો સ્વામીજીનો સત્સંગ ચાલતો હતો ત્યાં પહોંચી ગયો. બેઠો. સત્સંગ પૂરો થયો પછી સ્વામીજી પાસે જઇ તેમનું વસ્ત્ર પાછું આપ્યું અને એમના ચરણમાં માથું મૂકી ખૂબ રડ્યો અને કહેવા લાગ્યો, 'ગુરુદેવ! જે સુખપ્રાપ્તિ માટે હું આ બધું કરતો હતો તે સુખ તો મને આપના સાંનિધ્યમાં અહીં સત્સંગમાં મળ્યું. મને આપનો શિષ્ય બનાવી લો.' ગુરુની દરેક ક્રિયા આપણા કલ્યાણ માટે જ હોય છે માટે શ્રદ્ધા રાખો. ક્યારેય આપણી મર્યાદિત સમજશક્તિ વડે ગુરુને માપવાની કોશિશ ના કરો. જો આપણાંથી ભગવાનનો અપરાધ થશે તો આપણને ગુરુ બચાવી શકશે, પણ જો ગુરુનો અપરાધ થયો તો આ વિશ્વમાં કોઇની તાકાત નથી આપણને બચાવી શકે. આપણી પાસે નાનકડી હોડી છે અને ગુરુ અફાટ મહાસાગર છે. કેવી રીતે પાર કરીશું ? માટે જ ગુરુભગવાન સ્વામી શ્રી ચિદાનંદજી મહારાજ કહેતા હતા કે, 'જેમને આપણે સ્વામી શિવાનંદ, હિમાલયના સંત, મોટા સ્વામીજી તરીકે ઓળખીએ છીએ, હકીકતમાં તેઓ નામ અને રૂપથી પર છે. જ્યારે આપણે નામ અને રૂપના ખ્યાલને દૂર કરીશું ત્યારે જ એમને સાચા અર્થમાં સમજી શકીશું. એમને નથી નામ, નથી રૂપ, નથી વર્ણ, નથી આશ્રમ, નથી જન્મ-નથી

મૃત્યુ. એ તો માનવશરીર ધારણ કરનાર એક દેદીપ્યમાન જ્યોત હતા, માનવગુરુના નામે લીલા કરનારા શાશ્વત સત્ય હતા.' આ ક્ષણે મને પણ સ્વામીજી મહારાજનાં શ્રીચરણોમાં બે પંક્તિ સમર્પિત કરવાનું મન થાય છે :

**આપ મનુષ્ય છો કે પ્રભુ છો**
**કે મનુષ્યના રૂપમાં પ્રભુ છો**
**તમે જે પણ છો**
**પણ ખૂબ વહાલા લાગો છો**
**અને વારંવાર તમારી પૂજા કરવાનું મન થાય છે.**

હું જ્યારે તમારું ચિંતન કરું છું ત્યારે આસમાનમાંથી દેવો નીચે ઊતરી આવે છે અને તમારી આસપાસ પ્રદક્ષિણા કરતા હોય તેવું દેખાય છે અને મારી હૃદયવીણાના તાર ઝણઝણી ઊઠે છે અને મનમાં એક જ પ્રાર્થના ઊઠે છે, 'પધારો! દેવ પધારો! મારા હૃદયના સિંહાસન પર બિરાજો, મધુર દિવ્ય પ્રેમમાં !'

ગુરુભક્તિયોગનું બીજું ચરણ છે - **નિષ્ઠા.** ગુરુમાં અપ્રતિમ નિષ્ઠા હોવી આવશ્યક છે. એક પ્રતિકાત્મક વાત છે. એક પહેલવાન જેવો માણસ તેના સાત માળના ઘરમાં ભોંયતળિયે રહેતો હતો. રોજ રાત્રે એના ઘરમાં જલસા થાય . મિત્રમંડળ ભેગું થઈ ખાય, પીએ અને નાચે. દિવસ આખો પહેલવાન ઊંઘ્યા કરે. એણે ક્યારેય ઉપરના માળની મુલાકાત પણ લીધી નહોતી. એક દિવસ એને વિચાર આવ્યો, બહાર જોઉં તો ખરો શું છે? તે ઘરની બહાર નીકળ્યો. જમણી બાજુ જોયું તો એક સાફસૂથરો પ્રકાશમય રસ્તો દેખાયો. ડાબી બાજુ જોયું તો કાદવ-કીચડવાળો રસ્તો દેખાયો, પણ તે રસ્તે દૂર એક સોનાનું ઘડિયાળ પડેલું દેખાયું. સોનાના ઘડિયાળની લાલચે તે એ રસ્તે વળી ગયો અને કાદવમાં ખૂંપવા લાગ્યો. ઘડિયાળ લેવા માટે હાથ પણ લાંબો કર્યો પણ ત્યાં સુધી તો પહોંચાયું નહીં, કળણમાં વધારે ને વધારે ખૂંપવા લાગ્યો ત્યારે તેના મિત્રો જે રોજ રાત્રે જલસામાં આવતા હતા તેઓ ત્યાંથી જ પસાર થતાં હતાં, તેમને બૂમો પાડી. પણ તે મિત્રો તો સાંભળ્યું જ નથી કે જોયું જ નથી તેમ ત્યાંથી પસાર થઈ ગયા. જ્યારે એના અસ્તિત્વનો પ્રશ્ન આવીને ઊભો રહ્યો ત્યારે એણે જોરથી બૂમ પાડી, 'કોઈ દિવ્યાત્મા અહીં છે, જે મને બચાવશે?' એવામાં જ એક ભગવાં વસ્ત્રધારી વ્યક્તિ પ્રગટ થયા, જેમના ચહેરા પર તેજ હતું, આંખમાં ચમક હતી અને હોઠ પર સ્મિત હતું. તેમણે તેને પોતાનો હાથ આપ્યો અને તેને બહાર કાઢ્યો. એના ઉપર બે-ત્રણ ડોલ પાણી રેડીને ચોખ્ખો કર્યો અને પ્રકાશનો માર્ગ બતાવતાં કહ્યું, 'બેટા ! આ રસ્તે ચાલ્યા કર' અને એ વ્યક્તિનું જીવન પરિવર્તન થઈ ગયું. આ પહેલવાન કોણ ? આ આપણી જ કથા છે. આપણી ઈચ્છાઓએ આપણને પહેલવાન બનાવી દીધા છે. પરમાત્માએ આપણને સાત માળ - સાત ચક્ર - મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુર, અનાહત, વિશુદ્ધ, આજ્ઞા અને સહસ્રાર (બ્રહ્મરંધ્ર)નું ઘર આપ્યું છે. પણ આપણે સાંસારિક ઈચ્છાઓ અને આસક્તિના કારણે ભોંયતળિયે એટલે મૂલાધારચક્રમાં જ ચેતનાને કાર્યરત રાખીએ છીએ. દરેક આત્મા અંતે તો દિવ્યાત્મા જ છે. ભૌતિક ભોગ ભોગવતાં એને ક્યારેક તો એવો વિચાર આવે જ છે કે મારા આ જન્મનો દિવ્ય હેતુ શું છે? અને તેની શોધ માટે તે અગ્રસર થાય છે ત્યારે તેને પ્રકાશમય આધ્યાત્મિકતાનો માર્ગ નજરે પડે છે પણ સાથે-સાથે સોનાની ઘડિયાળ એટલે ભૌતિક વસ્તુની લાલચ થાય છે અને સંસારના વિકટ રસ્તે પ્રયાણ કરે છે અને તકલીફમાં મુકાય છે, ત્યારે મદદ માટે બૂમો પાડે છે ત્યારે કહેવાતા મિત્રો સાથ છોડીને ચાલ્યા જાય છે. આ બધા વચ્ચે હું આપને એક સત્ય હકીકત જણાવું છું. મને આપણા આ શિવાનંદ આશ્રમમાં એક બહેન મળ્યાં. જે અહીં સાધિકા છે. તેમણે મને ઊભી રાખીને કહ્યું, 'રૂપાબહેન, મારા વોટ્સએપ પર છસો મિત્ર છે અને ફેસબુક પર ચારસો મિત્ર છે પણ મારા પતિને હાર્ટએટેક આવ્યો અને એમને તાત્કાલિક હોસ્પિટલમાં દાખલ કરવા પડ્યા ત્યારે મારી સાથે કોઈ નહોતું. બધાં પોતાના કામમાં વ્યસ્ત હતાં પણ અહીં આશ્રમમાં સ્વામી શ્રી અધ્યાત્માનંદજી મહારાજને ખબર પડી તો પોતાની બધી વ્યસ્તતા છોડીને હોસ્પિટલ આવીને ઊભા રહ્યા. મને એટલી બધી સાંત્વના હિંમત મળી, જેનું હું શબ્દમાં વર્ણન નહીં કરી શકું, આ જ વાસ્તવિકતા છે. 'કીડીના

પગમાં પાયલ વાગે છે, તે પણ મારો ગુરુ સાંભળે છે તો શું આપણા હૃદયનો આર્તનાદ તે નહીં સાંભળતા હોય? તેઓ પ્રગટ થાય છે અને આપણા મોહ-માયાના આવરણ દૂર કરાવી જીવનના સાચા રસ્તે પ્રયાણ કરાવે છે અને જેણે અમેરિકા જોયું હોય તે આપણને ત્યાંની માહિતી આપી શકે તે જ રીતે જેણે ચક્રનું આરોહણ કર્યું છે તે જ આપણને શક્તિનું ઊર્ધ્વીકરણ કરાવી શકે અને ગુરુદેવ માટે તો એમ કહેવાય - **'બ્રહ્મરંધ્ર કે સારસિન્હા પર આસન અચલ જમાવે, સદ્‌ગુરુ આસન અચલ જમાવે.'** ગુરુદેવ જ આપણી શક્તિઓનું કેન્દ્રીકરણ કરી યોગ્ય દિશામાં અગ્રસર કરી શકે અને શાશ્વત સુખ અને શાંતિની અનુભૂતિ કરાવી શકે. ગુરુમાં નિષ્ઠા જોઈએ.

ગુરુભક્તિયોગનું ત્રીજું ચરણ છે-**આજ્ઞાંકિતતા.** સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજ કહેતા **'આદર કરતાં આજ્ઞાંકિતતા ચઢે.'** ગુરુદેવ પાસે ત્રણ યુવક શિષ્ય બનવા માટે આવ્યા. ગુરુદેવે કહ્યું, 'તમે આવ્યા એનો મને આનંદ છે પણ હું કાલે લાંબી તીર્થયાત્રા પર જઉં છું. પરંતુ હું તમને નિરાશ નહીં કરું. હું તમને એક સાધના શીખવાડું છું, જે તમે નિયમિત કરજો. હું તમારી સાથે જ છું એવી અનુભૂતિ થશે અને તમારું કલ્યાણ થશે.' શિષ્યોએ હા પાડી. ગુરુદેવે પ્રયાણ કર્યું. હવે પહેલા શિષ્યને વિચાર આવ્યો, 'ગુરુદેવ તો છે નહીં અને હું સાધના કરીશ, નહીં કરું, શું ફેર પડશે?' અને સાધના છોડી દીધી. બીજા શિષ્યને વિચાર આવ્યો, 'સાધના કઠિન તો છે પણ મેં ગુરુદેવને વચન આપ્યું છે, માટે થશે એટલી કરીશ' અને પોતાના comfort zoneમાં રહીને સાધના શરૂ કરી. જ્યારે ત્રીજા શિષ્યે વિચાર્યું, 'ગુરુદેવની આજ્ઞા પ્રમાણે જ મારે સાધના કરવી જોઈએ, ભલે પછી તે કેટલી પણ કઠિન કેમ ન હોય! **મંત્રમૂલમ્ ગુરોર્વાક્યમ્'** અને તેણે મન દઈને સાધના કરી. લાંબા અરસા પછી ગુરુદેવ પાછા આવ્યા ત્યારે જોયું તો પહેલો શિષ્ય ગુમરાહ થઈ ચૂક્યો હતો, બીજો શિષ્ય સંસારના સ્તર ઉપર જ હતો, ખાસ પ્રગતિ કરી શક્યો નહોતો, જ્યારે ત્રીજા શિષ્યનો ચહેરો ગુરુની ભાંતિ ચમકી રહ્યો હતો. તેને આત્મજ્ઞાન થઈ ચૂક્યું હતું. આ હકીકત છે. ગુરુદેવ જેમ કહે તેમ આપણે કરીએ તો જીવનમાં સુખદ પરિવર્તન આવી શકે.

ગુરુભક્તિયોગમાં આ ત્રણ વસ્તુની આવશ્યકતા છે-શ્રદ્ધા, નિષ્ઠા અને આજ્ઞાંકિતતા. જ્યારે આપણે ગુરુભક્તિયોગ વિષય વિશે વાત કરીએ છીએ ત્યારે સૌપ્રથમ તો આપણે ત્રણેય શબ્દોનો અર્થ સમજવો પડશે. ગુરુમહિમાનો આપણે સત્સંગ કરી રહ્યા છીએ ત્યારે હું કહીશ -

**સત્સંગ તો એવો કરીએ કે લાગે ન દૂજો રંગ**
**સદ્‌ગુરુ સાચા સાંપડે તો જીતીએ જગનો જંગ**

સ્વામીજી મહારાજ હંમેશાં કહે છે, 'જ્યાં પુસ્તકો રાખીએ છીએ તેને પુસ્તકાલય કહેવાય. દેવ રાખીએ તેને દેવાલય કહે છે. આ જગતને દુઃખાલય કહે છે. તો દુઃખની નિવૃત્તિ અને સુખની પ્રાપ્તિ કોણ કરાવશે? આપણા લક્ષ્ય પ્રતિ આપણને અગ્રસર કોણ કરશે? એ ગુરુતત્ત્વ તો છે. અજ્ઞાનના અંધકારમાંથી આપણને બહાર કોણ કાઢશે? એ ગુરુતત્ત્વ છે. માટે જ આપણે કહીએ છીએ -

**અજ્ઞાનતિમિરાન્ધસ્ય જ્ઞાનાંજન શલાકયા।**
**ચક્ષુરુન્મીલિતં યેન તસ્મૈ શ્રી ગુરવે નમઃ ॥**

ભવસાગર પાર કરાવનાર સુકાની ગુરુ છે. ગુરુ શબ્દમાં બે અક્ષર છે - 'ગુ' અને 'રુ'. 'ગુ'નો અર્થ થાય છે - અંધકાર અને 'રુ'નો અર્થ છે - પ્રકાશ. જે અજ્ઞાનરૂપી અંધકારમાંથી જ્ઞાનરૂપી પ્રકાશ તરફ લઈ જાય તે ગુરુ છે. શ્રી રંગ અવધૂતજી મહારાજે ગુરુનો મહિમા ગાતાં ખૂબ સુંદર કહ્યું છે:

ગુરુ શબ્દમાં ત્રણ અક્ષર છે - ગ, ર, ઉ.

**'ગ'કાર સિદ્ધિપ્રદ કહ્યો**
**'ર'કાર પાપદાહક**
**'ઉ'કાર વિષ્ણુ અવ્યક્ત જે**
**સદ્‌ગુરુ ત્રિત્રયાત્મક.**

'ગ'કાર સિદ્ધિપ્રદ કહ્યો, જે સમસ્ત સિદ્ધિઓના સ્વામી છે તે ગુરુદેવ છે. સમસ્ત સિદ્ધિઓ, જેમનાં ચરણોમાં નતમસ્તક છે તે ગુરુદેવ છે. કોઈ પણ શિષ્યનો કોઈ પણ સંકલ્પ હોય છે, ગુરુદેવ

વિશ્વચેતનાને સંકેત કરે છે અને વિશ્વચેતના શિષ્ય તરફ વહેવાની શરૂ થઈ જાય છે અને સંકલ્પ સિદ્ધ થઈ જાય છે. આને ગુરુકાર્યકારિણી કહે છે. કેટલીય વાર આપણે જોઈએ છીએ, જેમાં કારણ અને પરિણામ વચ્ચે કોઈ કડી જોવા મળતી નથી. ચમત્કાર જેવું લાગે છે પણ આ ચમત્કાર નથી. આ ગુરુ સત્તા છે. ગુરુ સત્તાનો એક સંકેત, એક ઈશારા માત્રથી વૈશ્વિક ચેતના કામ કરવા કટિબદ્ધ થઈ જાય છે, પરંતુ આવી સિદ્ધિઓનો ગુરુદેવ ક્યારેય પોતાના માટે પ્રયોગ કરતા નથી. લોકકલ્યાણ અર્થે **'બહુજન હિતાય બહુજન સુખાય'** અર્થે જ તેનો ઉપયોગ કરે છે માટે જ કહ્યું છે:

**'વાહ ફકીરી કૌન અમીરી દાસી તેરે ચરનોં મેં**
**કભી તો ખાવે માલમલીદા, કભી ફક્કમ ફક્કા હૈ**
**કભી તો પહેને જરિયનજામા, કભી સિર્ફ લંગોટી હૈ**
**કભી તો સોવત મહેલ ઝરોખા, કભી મરઘટ સોવત હૈ**
**કભી પાંવ દબાવત દાસી કભી સોજા ભારી હૈ**
**વાહ ફકીરી કૌન અમીરી.**

'ર'કાર પાપદાહક. આપણા મૂલાધારચક્રમાં કેટલાય જન્મનાં પાપકર્મ પડેલાં છે, જે આપણા આવાગમનનું કારણ બને છે. ગુરુ સત્તા સિવાય આપણાં પાપકર્મના બીજનો કોઈ ક્ષય કરી શકવા સમર્થ નથી. એક ગુરુ જ આપણાં પાપકર્મનાં બીજને બાળી નાખે છે અને આવાગમનના ચક્રમાંથી મુક્તિ અપાવે છે. આપણું ભાગ્ય પલટી નાખે છે. એને બ્રહ્માંડની કોઈ મર્યાદા નડતી નથી. એ બ્રહ્માંડની બધી મર્યાદાથી પર છે. આ ક્ષણે હું ગુરુદેવને એ પણ કહેવા ઈચ્છીશ –

**'તેં તો કિસ્મતને પલટાવી દીધું**
**કિસ્મતનો સિતારો મળ્યો છે.'**

'ઉ'કાર વિષ્ણુ અવ્યક્ત, સદ્‌ગુરુ ત્રિત્રયાત્મક. જે અવ્યક્ત છે, જે સૂક્ષ્મ છે તે પરમાત્મા છે, તેનું વ્યક્ત સ્વરૂપ, પ્રગટ સ્વરૂપ ગુરુદેવ છે. જો પરમાત્મા આપણા ઉપર પ્રસન્ન થાય અને પ્રકાશપુંજના રૂપે, અપાર્થિવ દેહે આપણી સમક્ષ પ્રગટ થાય તો આપણે તે સહન નહીં કરી શકીએ, કારણ કે આપણે તેવું રૂપ જોવા ટેવાયેલા નથી એટલે પરમાત્મા આપણા જેવું જ સ્વરૂપ ધારણ કરી આપણી સામે આવે છે, જેને આપણે 'ગુરુ' કહીએ છીએ. જેનો આપણે સ્વીકાર કરી શકીએ અને એમની પાસેથી જ્ઞાન ગ્રહણ કરી આપણું કલ્યાણ કરી શકીએ.

ગુરુ અને ગોવિંદમાં કોઈ ફરક નથી, માટે જ તો કબીરજીએ કહ્યું છે :

**'ગુરુ ગોવિંદ દોનોં ખડે, કાકે લાગૂં પાય.**
**બલિહારી ગુરુ આપકી ગોવિંદ દિયો દિખાય'**

સુરદાસજી જ્યારે મહાસમાધિ લેવાના હતા ત્યારે એક વ્યક્તિએ તેમને પૂછ્યું, 'તમે પ્રભુ માટે એક લાખ પદની રચના કરી છે પણ ગુરુ માટે કોઈ પદની રચના કરી નથી. એવું કેમ?' ત્યારે સુરદાસજીએ સ્મિત કરતાં કહ્યું, 'જો હું મારા ગુરુ અને પ્રભુમાં ભેદ જોઉં તો ગુરુ માટે રચના કરત ને! મારા માટે તો બંને અભિન્ન છે. છતાં તમે સાંભળવા માગો છો તો સાંભળો. પછી તેમણે રચના કરી – **'દૃઢ ઈન ચરણન કેરો ભરોસો'** આનાથી પણ આગળ વધીને કબીરજીએ કહ્યું છે – **'શીશ કાટે ગુરુ મિલે તો ભી સૌદા સસ્તા જાન.'** તમે મદમસ્ત હાથીને મહાત કરી શકો છો, તમે સિંહ કે વાઘ પર સવારી કરી શકો છો, તમે વિષધર નાગ સાથે રમી શકો છો, તમે અગ્નિ મધ્યે બેસી શકો છો, તમે પાણી પર ચાલી શકો છો, તમે પૂરી જિંદગી અજ્ઞાતવાસમાં રહી શકો છો, પણ સદ્‌ગુરુની પ્રાપ્તિ થવી મુશ્કેલ જ નહીં, દુષ્કર છે. જ્યારે આપણા પૂર્વજન્મનાં પુણ્યકર્મ જાગ્રત થાય છે ત્યારે આવા સદ્‌ગુરુનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે. આપણે તો સદ્‌ભાગી છીએ કે આપણને તો પ્રત્યક્ષ ગુરુદેવની પ્રાપ્તિ થઈ છે. આપણને ખ્યાલ છે કે ઋષિમુનિઓ હજારો વર્ષની તપશ્ચર્યા કરતા હતા, છતાં તેમના માટે શ્રીકૃષ્ણ પરમાત્માની ઝાંખી દુષ્કર હતી. જ્યારે સીધીસાદી ગોપીઓ પરમાત્મા સાથે રાસ રમતી હતી, કારણકે ઋષિમુનિઓ માટે ભગવાન ક્રિયાસાધ્ય હતા. જ્યારે ગોપીઓ માટે ભગવાન કૃપાસાધ્ય હતા. આપણા માટે પણ ગુરુદેવ કૃપાસાધ્ય છે. જો આટલું સમજી લઈએ તો પણ આપણો ઉદ્ધાર નિશ્ચિત છે. યાદ રાખો કે કદાચ પ્રકૃતિમાં પરિવર્તન આવી શકે, કદાચ સૂર્યનારાયણદેવ

ઉદય થવાનું બંધ કરી દે, ચંદ્રદેવ પોતાની ચાંદનીનો ત્યાગ કરી દે, દિવસની રાત થઇ જાય અને રાતનો દિવસ થઇ જાય, પરંતુ એક વાર પ્રાપ્ત થયેલી ગુરુકૃપા વ્યર્થ જતી નથી. એ જન્મજન્માંતર સુધી આપણી સાથે રહે છે. આપણે સાત સમુદ્ર પાર જઇએ તો પણ આપણો પાપપુંજ આપણો પીછો કરે છે તેવી જ રીતે એક વાર ગુરુકૃપા પ્રાપ્ત થઇ પછી તમે ગમે ત્યાં હો એ તમારી રક્ષા કરે છે. આ ગુરુતત્ત્વ છે.

'ભક્તિ' એટલે શુદ્ધ - ઉત્કટ પ્રેમ અને પૂર્ણ આસ્થા. કોઇ પણ વ્યક્તિમાં આપણે સારા ગુણ જોઇએ, વિશેષ તત્ત્વ જોઇએ તો તેના પ્રત્યે આપણને પ્રેમભાવ પ્રગટ થાય છે. તેમનું ચિંતન કરીએ છીએ અને તેમના ગુણાનુવાદ ગાઇએ છીએ. એને તો ભક્તિ કહે છે. કોઇ બાળક પોતાની માતામાં સારા ગુણો જુએ છે તો એના જીવનનું કેન્દ્રબિંદુ એની માતા થઇ જાય છે અને તેની આસપાસ તેની જિંદગી ચાલે છે અને પોતાની માતાના ગુણાનુવાદ દરેક સ્થળે કરે છે તેને આપણે માતૃભક્ત કહીએ છીએ. કોઇ બાળકને પિતાના ગુણો સારા લાગે છે તો એની જિંદગી પિતાને કેન્દ્રમાં રાખીને જીવતો હોય છે. તો જ્યારે આપણે ગુરુનો આટલો મહિમા જાણ્યો અને જાણીએ જ છીએ તો શું આપણા જીવનના કેન્દ્રમાં ગુરુ ન હોવા જોઇએ? મધ્યમાં ગુરુ છે, આખી જિંદગી તેની આસપાસ છે અને હું તો કહું છું - ગુરુ અને ગુરુત્વાકર્ષણ બળમાં કોઇ ફરક નથી. ગુરુત્વાકર્ષણ બળ છે, માટે આપણે ધરતી પર ટકી રહ્યા છીએ, નહીંતર બ્રહ્માંડમાં ક્યાંય ફંગોળાઇ ગયા હોત, એવી જ રીતે ગુરુકૃપાના કારણે જ આપણે આત્મચેતનામાં પ્રતિષ્ઠિત છીએ, નહીંતર આ ભૌતિક જગત, તેનાં તુચ્છ સુખો, અનંત અભિલાષાઓ, માન પ્રાપ્ત કરવાની આકાંક્ષામાં ક્યાંય પણ ખોવાઇ ગયા હોત, પણ ગુરુની પ્રત્યક્ષ ઉપસ્થિતિના કારણે આપણે આત્મચેતનામાં સ્થિત, સ્થિર છીએ. આને ભક્તિ કહે છે.

'યોગ'નો અર્થ થાય છે - મિલન. જ્યાં યોગ છે ત્યાં મિલન છે. જ્યાં મિલન છે ત્યાં છે પ્રેમ, આનંદ, સુખ-શાંતિ, પ્રગતિ, ઉન્નતિ, ઉત્કર્ષ, નવજીવન, આત્મઅભિમુખતા. જ્યાં યોગ નથી ત્યાં છે વિયોગ, દુઃખ, અશાંતિ, નિરાશા, હતાશા, આત્મવિમુખતા. હવે જ્યારે ગુરુચેતના સાથે મિલન થઇ જાય પછી શું પ્રાપ્ત કરવાનું બાકી રહે છે?

**યત્ગત્વા ન નિવર્તન્તે તદ્ ધામ પરમં મમ ।**

પહેલાં ગુરુચેતના સાથે સામીપ્ય પ્રાપ્ત થાય છે, પછી સાતત્ય થાય છે, પછી ગુરુનું સાંનિધ્ય પ્રાપ્ત થાય છે, અંતમાં 'કીટ-ભ્રમર' ન્યાય અનુસાર સારૂપ્યની પ્રાપ્તિ થાય છે. કોઇ ભેદ રહેતો નથી. અભિન્નતાની અનુભૂતિ, અદ્વૈતની અનુભૂતિ. એનો અર્થ એ થયો કે જો ગુરુભક્તિયોગ સિદ્ધ થઇ જાય તો ગુરુ પરમાત્માનું પ્રગટ સ્વરૂપ છે તો આપણને પણ **'અહં બ્રહ્માસ્મિ'**ની અપરોક્ષ અનુભૂતિ થઇ જાય, જે જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી કોઇ જ જ્ઞાન પ્રાપ્ત કરવાનું બાકી રહેતું નથી અને પછી એક અદ્ભુત સ્થિતિનું નિર્માણ થાય છે.

**તન તંબૂરા તાર મન, અદ્ભુત હૈ યે સાઝ**
**ગુરુ કે હાથોં બજ રહી ગુરુ કી હી આવાઝ.**

ગુરુભક્તિયોગ આપણા માટે નવો શબ્દ નથી, આ તો આપણી સંસ્કૃતિ છે. આપણા દરેકના ઘરમાં આબાલવૃદ્ધ સૌ એક શ્લોક તો રોજ ગાઇએ જ છીએ :

**ગુરુર્બ્રહ્મા ગુરુર્વિષ્ણુ ર્ગુરુર્દેવો મહેશ્વરઃ।**
**ગુરુર્સાક્ષાત્ પરં બ્રહ્મ તસ્મૈ શ્રી ગુરવે નમઃ॥**

જે આંખો ગુરુના ચરણકમળનું સૌંદર્ય જોઇ શકતી નથી તે આંખો વ્યર્થ છે, જે કાન ગુરુની લીલાનો મહિમા સાંભળતા નથી તે કાન વ્યર્થ છે, ગુરુ વિનાનું જીવન મૃત્યુ સમાન છે. ગુરુકૃપાની સંપત્તિ જેવો કોઇ ખજાનો નથી. ગુરુના ચરણકમળ જેવો બીજો કોઇ આશ્રય નથી, માટે હંમેશાં ગુરુનું રટણ કરો અને એ જ ભાવમાં રહીએ :

**જે જે સ્થળે આ મન જાય મારું**
**તે તે સ્થળે સદ્‌ગુરુ રૂપ તારું**
**જ્યાં જ્યાં મૂકું મસ્તક હું ગુરુ હે!**
**ત્યાં ત્યાં પદદ્વંદ્વ તારાં જ સોહે.**

**(ક્રમશઃ)**

# ગુરુકૃપા કેવી રીતે પ્રાપ્ત થાય ?

શ્રી સ્વામી નિખિલેશ્વરાનંદજી
રામકૃષ્ણમઠ, રાજકોટ

ગુરુકૃપા પ્રાપ્ત કરવાની એકમાત્ર શરત છે - નમ્રતા અને નિરંહકારિતા. ગુરુ કૃપા કરવા તત્પર છે. જ્યારે શિષ્ય શરણાગત થાય ત્યારે તે ઊતરે છે. શ્રી શ્રી રામકૃષ્ણદેવ કહેતા, 'નીચી જમીન હોય ત્યાં વરસાદનું પાણી ઝમે છે, જેણે પોતાના અહંકારને નીચો કર્યો છે ત્યાં કૃપા ઊતરે છે.' ગુરુકૃપા પ્રાપ્ત કરવાનો મૂળમંત્ર છે - જેટલી માત્રામાં શિષ્યની શરણાગતિ, અહંકારશૂન્યતા એટલી માત્રામાં કૃપા પ્રાપ્તિ. સાધના કરતાં કરતાં આપણને જ્ઞાન થઈ જાય કે હું કશું નથી જાણતો ત્યારે જ સાચેસાચું જ્ઞાન પ્રાપ્ત થાય.

ગુરુ બ્રહ્મા છે, ગુરુ વિષ્ણુ છે, ગુરુ મહેશ્વર છે, ગુરુ સચ્ચિદાનંદ છે. ગુરુ ઈશ્વર છે. ગુરુના ભીતરમાં ગુરુ શક્તિ છે એને લક્ષમાં લઈને એ ઈશ્વર કહેવાય છે. ગુરુ પાસે જે ઈશ્વરીય શક્તિ છે તે દિવ્ય કૃપારૂપે શિષ્ય પર ઊતરે છે. ગુરુ શબ્દનો અર્થ થાય છે - અંધકાર (અજ્ઞાન)ના નિવર્તક. એનો આધ્યાત્મિક અર્થ થાય છે- દિવ્યજ્ઞાન પ્રાપ્ત કરાવે એ જ ગુરુ. મૂંડકોપનિષદમાં પણ કહ્યું છે - શ્રોત્રીય બ્રહ્મનિષ્ઠ ગુરુ વિશિષ્ટ જ્ઞાનપ્રાપ્તિ કરાવે છે. સદ્‌ગુરુનાં લક્ષણ છે - શ્રોત્રીયમ્, શાસ્ત્રનું જ્ઞાન હોવું જોઈએ અને બ્રહ્મનિષ્ઠમ્, બ્રહ્મમાં નિષ્ઠા હોવી જોઈએ, ચરિત્ર નિષ્પાપ હોવું જોઈએ, તેમનામાં લેણ-દેણની ભાવના ન હોવી જોઈએ. ગુરુ નિઃસ્વાર્થભાવથી કોઈ શરત વગર કૃપા કરે છે. આવા ગુરુ કેવી રીતે મળે ? તે માટે શિષ્ય સદ્‌શિષ્ય હોવો જોઈએ. શિષ્યમાં નિત્ય-અનિત્યની વિવેકબુદ્ધિ હોવી જોઈએ, પૃથ્વી-સ્વર્ગના જેટલા પણ ભોગ્ય પદાર્થો છે તેના પ્રતિ વૈરાગ્ય હોવો જોઈએ. શિષ્યમાં છ પ્રકારની સંપત્તિ-શમ, દમ, ઉપરતિ, તિતિક્ષા, શ્રદ્ધા અને સમાધાન હોવી જોઈએ. પ્રતિકાર કર્યા વગર દુઃખ સહન કરવાની ક્ષમતાને તિતિક્ષા કહે છે. ફરિયાદ કરી-કરીને સહન કરવું, એ તિતિક્ષા નથી. હસતા મોંએ સહન કરવું. જો શિષ્યના જીવનમાં શ્રદ્ધા આવી ગઈ તો તે બાજી જીતી જશે. શ્રદ્ધા ભીતરની વાત છે - ક્યારે, ક્યાં, કેવી રીતે આવશે એની ખબર નથી પણ આવશે તો કામ થઈ જશે. મનને એકાગ્ર કરવાની ક્ષમતાને સમાધાન કહે છે. સાધક કહે છે, 'ધ્યાન કરતાં વિચારો બહુ આવે છે.' બધાંની આ સમસ્યા છે. મન ભટકે છે. આપણે બધાં એક જ નાવમાં બેઠાં છીએ. કોઈ એમ કહે કે મારું મન સમાધિમાં જતું રહે છે - તો આશ્ચર્ય થાય. જો કોઈ સાધક ગુરુ વિના ધ્યાનના પ્રયોગો કરે તો ઘણી વખત પાગલપનની અવસ્થા આવે છે.

શિષ્યમાં મુમુક્ષુત્વ હોવું આવશ્યક છે. શિષ્યમાં મોક્ષ પ્રાપ્ત કરવાની ઈચ્છા, પૂર્ણ જ્ઞાન-દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા હોવી જોઈએ. જો મુમુક્ષુત્વ નહીં હોય, તો મનુષ્યજીવનનો ઉદ્દેશ્ય જ ખબર નહીં પડે. મનુષ્યજીવનમાં આવીને મોક્ષપ્રાપ્તિ નહીં કરીએ તો જીવન નિરર્થક ગયું એમ સમજજો. દરેક જીવમાત્ર આહાર, નિદ્રા, ભય, મૈથુનમાંથી પસાર થાય છે, તો આપણામાં અને પશુમાં અંતર શું છે ? બંને વચ્ચેનું અંતર ધર્મ છે, જેનામાં ધર્મની ભાવના નથી, મુમુક્ષુત્વ નથી, ઈશ્વરપ્રાપ્તિની ઈચ્છા નથી, આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાની ઈચ્છા નથી એ પશુ સમાન છે. ચોર્યાસી લાખ યોનિમાંથી માત્ર મનુષ્યયોનિમાં આધ્યાત્મિક જ્ઞાન પ્રાપ્ત થઈ શકે. મોડર્ન સાયન્સે પ્રમાણિત કર્યું છે કે - ત્રણ પ્રકારના Quotient છે IQ, EQ અને SQ. ન્યુરોલોજી, ફિઝિયોલોજી અને સાઈકોબાયોલોજી. સાબિત થયું છે કે IQ જીવનમાં ખેલ કેવી રીતે ખેલાય તે શીખવે છે. EQ જીવનમાં પરિસ્થિતિ બદલાય તો મનઃસ્થિતિ કેવી રીતે બદલવી તે શીખવે છે. SQ જીવનનો ઉદ્દેશ્ય શું છે, તે પ્રતિ અગ્રસર કરે છે. IQ બધી યોનિમાં હોય છે અને કમ્પ્યૂટર પાસે પણ છે. EQ કેટલીક યોનિ પાસે હોય છે અને SQ કેવળ મનુષ્યયોનિ પાસે જ છે.

શિષ્યમાં ઉપર દર્શાવેલ લક્ષણો આવે ત્યારે સદ્‌ગુરુની પ્રાપ્તિ થશે. સારા શિષ્ય હોઈશું તો સારા ગુરુ મળશે. સારા ગુરુ હશે તેને સારા શિષ્ય મળશે. આ Economicsના law of demand and

supply જેવી સ્થિતિ છે. જેવા તમને ગુરુ જોઈએ તેવા મળશે. સદ્‌ગુરુની કૃપા મેળવવા સદ્‌શિષ્ય બનવું પડે. સદ્‌ગુરુની કૃપા થવાથી શું નથી થઈ શકતું ? સ્વામી વિવેકાનંદજીનું જીવનદર્શન કરો. એમનું પૂર્વાશ્રમનું નામ નરેનદત્ત. તમે કલકત્તા જશો તો જ્યાં એમનો જન્મ થયો છે ત્યાં મેમોરિયલ બનાવવામાં આવ્યું છે. તેમણે ઘણું અધ્યયન કર્યું હતું. તેઓ બુદ્ધિમાન હતા. ઘણાં પુસ્તકો વાંચવાથી તેઓ અજ્ઞેયવાદી બની ગયા હતા. તેઓ કહેતા, 'ઈશ્વર છે તેનું પ્રમાણ શું છે ?' સત્ય જાણવાની એમની જિજીવિષા હતી. કોઈ મહાત્મા આવે તો નરેન પહોંચી જાય અને તેમને પૂછે, 'મહાશય, તમે ઈશ્વરનાં દર્શન કર્યાં છે?' કોઈ જવાબ ના આપી શક્યા. તેઓ નિરાશ થયા. તેઓ કહેતા, 'હું વકીલનો દીકરો છું. મને પ્રમાણ જોઈએ.' તેમની વ્યાકુળતા વધી ગઈ. તેઓ રવીન્દ્રનાથ ટાગોરના પિતા જગન્નાથ ટાગોરની કેબિનમાં ગયા. તેઓ ધ્યાનમાં બેઠા હતા. જ્યારે તેમનું ધ્યાનભંગ થયું ત્યારે તેમણે તેમને પૂછ્યું, 'તમે ધ્યાન કરો છો પણ તમે ઈશ્વરનાં દર્શન કર્યાં છે ?' શ્રી જગન્નાથ ટાગોરે થોડીવાર તેમની સામે જોઈ કહ્યું, 'બેટા, તારી આંખો સુંદર છે.' નરેને કહ્યું, 'મને મારી આંખોની પ્રશંસા નથી જોઈતી. મને મારા પ્રશ્નનો જવાબ આપો, એક દિવસ નરેન કોલેજ ગયા. ઈંગ્લિશના પ્રોફેસર નહોતા આવ્યા. પ્રિન્સિપાલ વિલિયમ હેસ્ટી સ્વયં આવ્યા. Wordsworth પુસ્તક ભણાવતાં તેમણે કહ્યું, 'કવિ સમાધિ અવસ્થામાં જતા રહેતા હતા.' નરેને એમને પ્રશ્ન કર્યો, 'કોઈ વ્યક્તિ સમાધિમાં જઈ શકે ? ઈશ્વરનાં દર્શન કરી શકે ?' પ્રિન્સિપાલે કહ્યું, 'હા, જઈ શકે. મેં સ્વયં એક મનુષ્યને જોયો છે. તમે પણ એમના દર્શન કરી શકો. તેઓ છે-દક્ષિણેશ્વર મહાકાલીના પૂજારી - રામકૃષ્ણ પરમહંસ. નરેન ત્યાં ગયા. રામકૃષ્ણદેવ નાના પલંગ પર બેઠા હતા. ભક્તો નીચે બેઠા હતા. નરેન દત્તે એમને કહ્યું, 'તમે મારા પ્રશ્નનો જવાબ આપો. તમે ઈશ્વરનાં દર્શન કર્યાં છે?' રામકૃષ્ણદેવે કહ્યું, 'હા બેટા ! મેં સ્વયં ઈશ્વરનાં દર્શન કર્યાં છે, જે પ્રકારથી હું તને જોઉં છું. એનાથી વધારે પ્રત્યક્ષ એમનાં દર્શન કરું છું. હું તને પણ કરાવી શકું. તારે સાધના કરવી પડશે.' $H_2o$ થી પાણી બને પણ તે જોવા લેબોરેટરીમાં જવું પડે. નરેન દત્તે સાધના કરી, નિર્વિકલ્પ સમાધિની અનુભૂતિ કરી. પછી શિકાગોની ધર્મસભામાં એમણે ઘોષણા કરી કે - **'અમૃતસ્ય પુત્રાઃ'** મેં એ પરમપુરુષને જોયા છે, જ્યાં બધાં દુઃખોની નિવૃત્તિ થઈ જાય છે.

નરેનમાં મુમુક્ષુત્વ હતું પણ એકદમ ગુરુનો સ્વીકાર નથી કર્યો. તેમણે ગુરુનાં લક્ષણોની પરીક્ષા કરી. કોઈકે નરેનને રામકૃષ્ણદેવ વિશે કહ્યું , 'તેઓ ત્યાગી છે. એમને પૈસા કે ધાતુને સ્પર્શ કરતાં વીંછી જેવો ડંખ લાગે છે.' નરેન નારાજ થયા. તેમણે એ ભાઈને કહ્યું, 'તમે વાત વધારીને ના કહો. તમે એમ કહી શકો કે તેઓ  ત્યાગી છે અને પૈસા નથી રાખતા.' નરેન રામકૃષ્ણદેવ પાસે ગયા. તેમની ગેરહાજરીમાં એક ચાંદીનો સિક્કો તેમની પાટ પરના ગાદલાની ચટ્ટાઈ નીચે મૂકી દીધો. રામકૃષ્ણદેવ આવ્યા અને પાટ પર બેઠા તેવો જ તેમને વીંછીનો ડંખ લાગ્યો. તેઓ ઊભા થઈ ગયા. ફરી બેઠા તો ફરી એ જ અનુભૂતિ થઈ. તેમણે ગાદલું ઊંચકીને જોયું તો ચાંદીનો સિક્કો હતો. નરેન એક ખૂણામાં નીચું મોઢું કરી ઊભા હતા. ગુરુનું રાત-દિવસ, એકાંત-જાહેરમાં અવલોકન કરી સ્વીકાર કરવો તો જ પૂર્ણ શરણાગતિ થશે. નરેને ગુરુની બહુ પરીક્ષાઓ લીધી.

રામકૃષ્ણદેવે પણ નરેનની ખૂબ પરીક્ષાઓ લીધી હતી. તેઓ નરેનને એટલો પ્યાર કરતા હતા, જેનું વર્ણન ન થઈ શકે. Love personified. તેઓ નરેનને જોઈ આનંદથી સમાધિમાં જતા રહેતા. એક વાર સ્વામી પ્રેમાનંદ કહે છે, 'હું રાત્રે રામકૃષ્ણદેવ પાસે ગયો. તેમણે મને પૂછ્યું , તમે નરેનને જાણો છો? બહુ દિવસથી એ મારી પાસે આવ્યો નથી. મને એની બહુ યાદ આવે છે. ટુવાલ નિચોવો એમ મારું હૃદય નિચોવાઈ ગયું છે. મને ખૂબ વેદના થાય છે. એને કહેજો કે મને મળે.' પછી તેઓ રડવા લાગ્યા. આખી રાત આ નાટક ચાલ્યું. આપણને પ્રશ્ન થાય, આવી મહાન વ્યક્તિ એક યુવકને મળવા આટલી તત્પર છે ? આ નિઃસ્વાર્થ પ્રેમ છે. કાકા કાલેલકર કહે છે-'ગુરુઘેલા શિષ્ય ઘણા જોયા પણ શિષ્યઘેલા ગુરુ પહેલી વાર જોયા. એ અમે રામકૃષ્ણદેવમાં જોયું.' નરેનમાં સોળ આના

સત્ય છે. તેઓ પૂર્ણ છે. કોઈ ચાર-છ-દશ પાંખડીનું કમળ હોય, નરેન હજાર પાંખડીનું કમળ છે.

ઈંગ્લેન્ડમાં રાણી વિક્ટોરિયા એમનું પ્રવચન સાંભળવા આવતાં. વિવેકાનંદજી કહેતા, 'હું નથી બોલતો, જગદંબા મારા મુખથી બોલાવે છે.' એક વાર નરેન રામકૃષ્ણદેવ પાસે આવ્યા પણ રામકૃષ્ણદેવે એમના તરફ જોયું જ નહીં. તેઓ બીજા સાથે વાતો કરે પણ નરેન તરફ ધ્યાન ના આપે. બે-ત્રણ મહિના આવી રીતે પસાર થયા. એક દિવસ રામકૃષ્ણદેવે કહ્યું, 'નરેન, હું તારી સાથે વાત કરતો નથી, તને જોતો નથી તો તું શું કરવા અહીં આવે છે?' નરેને કહ્યું, 'હું તો તમારાં દર્શન કરવા આવું છું.' રામકૃષ્ણદેવે કહ્યું, 'હું તારી પરીક્ષા કરતો હતો. મેં તારી અવગણના કરી તો પણ તું પાસ થયો.'

ગુરુ-શિષ્યનો સંબંધ અદ્‌ભુત છે. સ્વામી વિવેકાનંદના ગુણ આપણામાં આવશે ત્યારે રામકૃષ્ણદેવ જેવા ગુરુ આપણને મળશે. એક છોકરો એક સ્વામીને કહે, 'મારે તમને પ્રશ્ન પૂછવો છે. તમે ભગવાન જોયા છે?' એ છોકરાએ અદ્દલ સ્વામી વિવેકાનંદની અદામાં જ પ્રશ્ન પૂછ્યો. સ્વામીજીએ હસીને જવાબ આપ્યો, 'મારા વહાલા દીકરા, તું વિવેકાનંદ નથી અને હું રામકૃષ્ણદેવ નથી. બીજો પ્રશ્ન પૂછ.'

તિબેટના મહાન યોગી મિલા-રેપા ગુરુની ખોજમાં ગયા. મહાન ગુરુ મારપાને જઈને કહ્યું, 'મને શરણમાં લો. જ્ઞાન આપો.' ગુરુ મારપાએ કહ્યું, 'તારે મારી સેવા કરવી પડશે.' મિલા-રેપા ખેતરમાં કામ કરે. રાત-દિવસ મજૂરી કરે. એક દિવસ તેમનાથી અનાજનો કોથળો જમીન પર મૂકતાં પટકાયો. ગુરુ ગુસ્સે થઈ ગયા અને કહ્યું, 'તારો આટલો બધો અહંકાર? આટલો બધો ક્રોધ?' તારે હજુ કામ કરવું પડશે. વીસ વર્ષ થઈ ગયાં. ગુરુપત્નીને દયા આવી. તેણે પતિને કહ્યું, 'આ કઠોર પરિશ્રમ કરે છે. એને જ્ઞાન આપો.' ગુરુએ તેને પોતાના પુત્ર માટે સારું મકાન બનાવવાનું કહ્યું. મકાન અડધું બને એટલે ગુરુ તોડાવી નાખે. ફરી બનાવવાનું કહે. આમ કરતાં મિલા-રેપા વૃદ્ધ થઈ ગયા. ગુરુ મારપા તેમને સત્સંગમાંથી બહાર કાઢી મૂકતા. મિલા-રેપાને આત્મહત્યાનો વિચાર આવી ગયો. ગુરુ તેને પકડીને લાવ્યા અને કહ્યું, 'હું તારાં કર્મ કાપવા તારા પર અત્યાચાર કરતો હતો. પણ બીજા લોકો તારો પક્ષ લઈને તને બચાવતા હતા માટે મને વાર લાગી. તારાં પાપ કર્મ ખતમ ના થાય ત્યાં સુધી તને મુક્તિ નહીં મળે. કર્મક્ષય નહીં થાય, અહંકાર ચૂરચૂર નહીં થાય ત્યાં સુધી હું તને જ્ઞાન નહોતો આપી શકતો. તારા અનેક જન્મનાં પાપ એક જન્મમાં ખતમ કરાવ્યાં.' પછી તેમણે સાધનાક્રમ બતાવ્યો. મિલા-રેપાને એ સાધનાથી ત્રણ દિવસમાં ડાકિનીદેવી પ્રસન્ન થયાં. તેમને એ જ્ઞાન મળ્યું, જે ગુરુ મારપા પાસે પણ નહોતું. તેઓ તેમના ગુરુ નરોપા પાસે ગયા, એમની પાસે પણ એ જ્ઞાન નહોતું. બંને એમના શિષ્ય બની ગયા. શિષ્ય ગુરુનો ગુરુ બની જાય છે. ભીતરનો અહંકાર ચૂર નહીં થાય ત્યાં સુધી જ્ઞાન નહીં થાય. શરણાગતિ આવે પછી કૃપા થાય. સંતોનો સ્પર્શ પારસમણિનો સ્પર્શ છે. એમની કૃપા પ્રાપ્ત કરવા માટે - પુરુષાર્થ કરો અને શરણાગતિનો માર્ગ સ્વીકારો.

## ૪૨ મો યોગશિક્ષક આવાસીય -તાલીમ શિબિર

તા. ૧૧-૧૨-૨૦૧૮ થી તા. ૩૦-૧૨-૨૦૧૮ સુધી ૪૨મા યોગશિક્ષક આવાસીય - તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે જે યોગપ્રેમીઓ પોતે પ્રારંભિક યોગાસનોનું જ્ઞાન ધરાવે છે અને બીજાને શીખવવા ઈચ્છે છે તથા અંગ્રેજી માધ્યમમાં જ્ઞાન સંપાદન કરી શકે છે તેઓને શિબિરમાં પ્રવેશ મળશે. પ્રવેશ માટે યુનિવર્સિટી સ્નાતક કક્ષાનો અભ્યાસ કરેલો હોવો જરૂરી છે. જેમનું શરીર સ્વસ્થ છે, જેઓ કોઈ પણ વ્યસનના વ્યસની નથી તેઓને પ્રવેશ આપવામાં આવશે.

દરરોજ સાડા અગિયાર કલાકના શિક્ષણમાં યોગાસનો, પ્રાણાયામ, મુદ્રા, બંધ, ક્રિયાઓ, શિથિલીકરણ ઉપરાંત તજ્જ્ઞ તબીબો દ્વારા શરીર વિજ્ઞાન અને આરોગ્યશાસ્ત્ર, ભગવદ્ ગીતા, પાતંજલ યોગદર્શન, રેઈકી ડિગ્રી એક - બેનું જ્ઞાન સંપાદન કરાવવામાં આવશે. પ્રવેશ ઈચ્છતા મુમુક્ષુઓએ ૩૦ નવેમ્બર પૂર્વે પ્રવેશપત્ર ભરી દેવું. પ્રવેશપત્ર 'divyajivan.org' પરથી મેળવી શકાશે.

# વેદાંત સાધનામાં ગુરુતત્ત્વ

શ્રી સ્વામિની વિદ્યાપ્રકાશાનંદજી
તત્ત્વતીર્થ, અમદાવાદ

સાધના સાધકને સાધ્ય સાથે જોડે છે. સાધક એ છે કે જે કોઈ સાધ્યને સિદ્ધ કરવા માગે છે. સાધક સાધ્યને જેની સહાયથી સિદ્ધ કરવા માગે તેને સાધન કહેવાય. સાધકને ખબર હોવી જોઈએ કે પોતે કયા સાધ્યને પામવા માગે છે. હૃષીકેશ જવા સ્ટેશન પર જઈને બધી ટ્રેનમાં જે સારી ટ્રેન હોય તેમાં બેસી જઈએ તો ચાલે ? ના, સાધ્યની ખબર હોય તો નિશ્ચય કરી શકીએ કે કઈ ટ્રેનમાં બેસવું છે. સાધ્ય સિદ્ધ કરવા માટે પણ 'હું સાધક છું' એ જાણવું પડે. જો તમે સિદ્ધ પુરુષ છો તો તમને સાધનાની જરૂર નથી પણ તે સિવાયના આપણે તો સાધના કરવી પડે. સાધક કયા સાધ્ય સિદ્ધ કરવા માગે છે તે પ્રમાણે સાધન અને સાધના પસંદ કરવી પડે.

સાધ્ય અપ્રાપ્ત છે. સાધ્ય સ્વયંથી, સમયથી, સ્થાનથી, પરિસ્થિતિમાં દૂર હોઈ શકે. જે અંતર છે તે માટે પ્રતીક્ષા કરવી પડે. અપ્રાપ્ત છે તેના માટે કોઈ કર્મ કરવું પડશે. મનુષ્યમાત્રનું સાધ્ય એક જ છે - નિરતિશય સુખની પ્રાપ્તિ અને આત્યંતિક દુઃખની નિવૃત્તિ. વેદનો પહેલો વિભાગ છે - કર્મકાંડ. જે અપ્રાપ્ત સુખની પ્રાપ્તિનો માર્ગ બતાવે છે. અપ્રાપ્ત સુખ મારું સાધ્ય છે, અને પ્રાપ્ત કરવાનો માર્ગ કર્મયોગ બતાવે છે. આપણને સર્વ સમયમાં, સર્વ સ્થાનમાં, સર્વ પરિસ્થિતિમાં સુખ જોઈએ છે. મને સુખ મળે પણ મારા પાડોશીને મારાથી થોડું વધારે સુખ મળશે તો ગમશે ? નિરતિશય સુખ એને કહેવાય કે એનાથી વધારે કંઈ નથી. આપણને અક્ષય સુખ જોઈએ, જેમાં કમી ના આવવી જોઈએ. આપણને મફતમાં સુખ જોઈએ, જેના માટે કોઈ પ્રયાસ ના કરવો પડે. કયા કર્મથી આવું સુખ મળે ? કોઈ દેશ-કાળ- પરિસ્થિતિમાં અનંત સુખ કોઈ કર્મના ફળરૂપે મળી શકે ? હું બાર કલાક નોકરી કરું. સુવર્ણનો ઢગલો થશે પણ અક્ષય સુખ મળશે ? કર્મ સીમિત છે. કોઈ એક ક્રિયાથી કરાય છે. જે ક્રિયા સીમિત છે, અંતવાદી છે તેનું સુખ પણ અંતવાદી જ હોય.

કર્મ વિભાગ વ્યક્તિની ઈચ્છાઓ પૂરી કરે છે, જેથી વેદમાં વિશ્વાસ પડે છે. વૈદિક કર્મ કરતાં આપણને એ સમજ આવશે કે સામાન્ય કર્મ કરતાં આપણને એ સમજ આવશે કે કર્મનું ફળ અનિત્ય હોય છે. અનિત્ય સુખપ્રાપ્તિથી સંતોષ નહીં થાય. ઘડાની અંદર એક-એક પૈસો નાંખતા જઈએ તો પહેલાં વધારે પછી ધીમે ધીમે ઓછા નાખવા પડશે. તર્ક અને અનુભવથી ખ્યાલ આવે કે કર્મથી અનંત સુખ પ્રાપ્ત ના થાય. કર્મનું ફળ અનિત્ય હોય છે. મુંડકોપનિષદ કહે છે - કર્મથી પ્રાપ્ત ફળનો વિચાર કર્યા પછી સાધક નિશ્ચય કરશે કે આ મને સુખી કરશે ? અર્જુને કહ્યું, 'બંને સેના વચ્ચે રથ સ્થાપિત કરો. હું જોઉં કોણ કોણ છે ? શું હું યુદ્ધ કરીને સુખી થઈ જઈશ ? જો સુખ ના મળે તો મારે યુદ્ધ કરવાની શું આવશ્યકતા છે ?'

નિત્યની ચાહ છે તો કર્મનો ત્યાગ કરવો પડે, જેના મનમાં વિવેક પેદા થવો જોઈએ. કે હું નિત્યની ચાહવાળો છું. મનુષ્યના જીવનનું લક્ષ્ય મોક્ષની પ્રાપ્તિ છે, ભોગ નથી. પશુ ભોગ યોનિ છે. આપણે પણ એમ જ કરીએ છીએ, તો અંતર શું ? વિષયો માટે આવેશથી ભોગ કરીએ છીએ. સંયમ કરવો મનુષ્યનું કર્મ છે. રોજ મહાત્મા પાસે જાવ. પ્રતિદિન પાદુકાની સેવા કરો. અપ્રાપ્ય સાધ્ય થઈ જશે.

જે નિત્ય પ્રાપ્ત છે તેને શોધવું પડે ? પ્રાપ્ત વસ્તુની પ્રાપ્તિ થઈ શકે ? માળા ગળામાં હોય અને આપણે શોધ્યા કરીએ. માળા ગળામાં જ હોય, જે પ્રાપ્ત છે. પ્રાપ્ત વસ્તુને શોધીએ. જે પ્રાપ્ય છે એ માટે કોઈએ આપણને બતાવવું પડે એનું નામ જ્ઞાન. અપ્રાપ્ય માટે કર્મ કરવું પડે, પ્રાપ્ય માટે જ્ઞાન જોઈએ. મારી અને માળા વચ્ચે અજ્ઞાનનું આવરણ હતું. જે દૂર કરવા જ્ઞાન

જોઈએ. કર્મ કરીને ફળ મળે એ અનિત્ય છે, એનો નાશ થવાનો છે. આપણને નિત્ય જોઈએ. કર્મ પણ કરો અને જ્ઞાન પણ પ્રાપ્ત કરો એ શક્ય નહીં થાય.

નિત્ય વસ્તુ નિત્ય પ્રાપ્ત હોવી જોઈએ, છતાં આપણે શોધીએ છીએ એ અજ્ઞાન છે. અનિત્ય વસ્તુ કર્મથી પ્રાપ્ત થાય છે, નિત્ય વસ્તુ જ્ઞાનથી પ્રાપ્ત થાય છે. જ્ઞાનપ્રાપ્તિ માટે ગુરુ પાસે જવું પડે. જેના મનમાં વૈરાગ્ય પેદા થયો હોય તેણે જ ગુરુ પાસે જવું જોઈએ અને જવું જ જોઈએ. સત્સંગ માટે ભગવાનની કૃપાની રાહ જોવાની ના હોય. ગુરુની આવશ્યકતા શું છે? બાળકનો જન્મ થાય ત્યારે તેને પોતાનાં મા-બાપની ખબર નથી હોતી. મા બતાવે કે, 'હું તારી મા છું.' બધું બતાવવું પડે. બધા માટે ગુરુ જોઈએ. આપણે વેદાંત માટે ગુરુની આવશ્યકતા નથી એમ સમજીએ છીએ. ટીવીમાં પ્રવચનો આવે છે ને સમજી લઈશું એમ વિચારીએ છીએ. બૃહદારણ્યક ઉપનિષદમાં યાજ્ઞવલ્ક્ય ઋષિ, કાત્યાયની અને મૈત્રેયીની વાત આવે છે. યાજ્ઞવલ્ક્ય ઋષિને થયું, હવે વૃદ્ધત્વ આવ્યું છે, ગૃહસ્થ જીવન પૂરું થયું, સંન્યાસ લેવો જોઈએ. પોતાની પાછળ સ્ત્રીઓને કંઈ તકલીફ ન પડે અને તેમનો સંપ જળવાઈ રહે એ માટે એમણે પોતાની સંપત્તિ બંનેને વહેંચી આપવાનું નક્કી કર્યું. તેમણે પહેલાં કાત્યાયનીને વાત કરી, તેની સંમતિ લીધી. પછી તેમણે મૈત્રેયીને બોલાવીને કહ્યું, 'હવે હું સંન્યાસ લેવા ચાહું છું. તમારા સંસારનાં સુખ-શાંતિ નષ્ટ ન થાય એટલા માટે હું આજે જ મારી બધી સંપત્તિ તમને બંનેને સરખા ભાગે વહેંચી આપું છું.' મૈત્રેયી વિચાર કરે છે કે માણસ કોઈ વસ્તુનો ત્યાગ તેનાથી વધારે સારી વસ્તુ મળે તો જ કરે છે, માટે મારા પતિ આજે સંસારનો ત્યાગ કરે છે તે કોઈ વધારે સારી વસ્તુ માટે જ કરતા હોવા જોઈએ. તેમણે ઋષિને પૂછ્યું, 'દેવ! કૃપા કરીને મને કહો- ધન દ્વારા અમૃતત્વ મળે?' ઋષિએ જવાબ આપ્યો, 'ના, ધન દ્વારા કદી અમૃતત્વ મળતું નથી. ધન દ્વારા અમૃતત્વની આશા રાખવી મિથ્યા છે.' તરત મૈત્રેયીએ કહ્યું, 'હું અમૃતત્વ પસંદ કરું છું - જેનાથી અમૃતત્વની પ્રાપ્તિ થાય તે રાહ મને બતાવો! હું તમારી પાસે એ જ માગું છું.' આ સાંભળી ઋષિએ કહ્યું, 'મૈત્રેયી આ જગતમાં પતિ કહો, પત્ની કહો, પુત્ર કહો, દેવો કહો, સ્વર્ગ કહો કે દેવતા કહો, ગમે તે કહો, બધુંયે પોતાના ખાતર, પોતાના આત્માની પ્રસન્નતા ખાતર જ માણસને પ્રિય છે. એના દ્વારા કે એના વડે આપણે આપણા પોતાના આત્માને શોધતા હોઈએ છીએ. તેથી આપણને તે પ્રિય છે. આપણા અંતરાત્મા ખાતર જ આપણે સૌને ચાહીએ છીએ. આપણા પ્રેમનો પાયાનો હેતુ આ છે. એટલા માટે હું કહું છું આત્મા એ જ એક ચીજ દર્શન કરવા જેવી- શ્રવણ કરવા જેવી, ચિંતન કરવા જેવી અને ધ્યાન કરવા જેવી છે.' આપણને પ્રેમ ક્યાં થાય? જ્યાં આપણને આનંદ મળે તેને પ્રેમ કરીએ -જે આનંદનું સાધન બને છે.

આત્મા (હું) અપ્રિય નથી લાગતો. આપણે દર્પણમાં પોતાનો ચહેરો જોતાં થાકતાં નથી. આનંદ આપણું સ્વરૂપ છે. આત્માને દર્શનનો વિષય બનાવવો જોઈએ. આત્મા દર્શન કરવાવાળો છે કે દર્શનનો વિષય છે? હું અને ઘડિયાળ - Subject અને Object - હું ઘડિયાળથી અલગ છે. દર્શન એટલે એના વિશે સ્પષ્ટ જ્ઞાન પ્રાપ્ત કરવું પડે, જેમાં સંદેહ ના હોય. એ માટે ગુરુ પાસે જવું પડે. તમે સર્કસ જોવા જાવ. તમે એને કહો કે, 'હું તને બે લાખ રૂપિયા આપીશ, તારા પોતાના ખભા પર ચઢી નૃત્ય કરી બતાવ.' કર્તા-કર્મ વિરોધ છે. બંને સાથે ના થઈ શકે.

આપણને ગુરુની આવશ્યકતા છે. સ્વચ્છંદતા પશુતા છે, સંયમ મનુષ્યત્વ છે. આપણી સંસ્કૃતિ અનુશાસન સાથે જોડાયેલી છે. જો જીવનમાં અનુશાસન ન હોય તો આપણા અને પશુમાં કોઈ ફેર નથી. પશુથી મનુષ્યને અનુશાસન અલગ કરે છે. મારી માન્યતા છે - હું દુ:ખી છું. સુખ અપ્રાપ્ત છે. માટે હું જે કંઈ કરું છું એ સુખની પ્રાપ્તિ માટે છે. સુખની શોધ બહાર કરીએ છીએ

(અનુસંધાન પાન નં. - ૧૧)

# ગીતામાં ગુરુતત્ત્વ

શ્રી સ્વામી અવ્યયાનંદજી
ચિન્મય મિશન, અમદાવાદ

ગુરુપૂર્ણિમાના સંદર્ભમાં આ સત્સંગના ભાગરૂપ આજનો વિષય 'ગીતામાં ગુરુતત્ત્વ' શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણ અને અર્જુન વચ્ચેનો સંવાદ છે. આ સંવાદ બીજા સંવાદ અંતર્ગત છે. સંજય અને ધૃતરાષ્ટ્ર વચ્ચે સંવાદ, વેદવ્યાસજી દ્વારા વિરચિત, વિદ્યાદેવ શ્રી ગણેશ દ્વારા લિખિત મહાભારતનો આ વિશેષ અંક છે, જે મધ્યમાં છે.

સંવાદરૂપે બતાવવાનો હેતુ એ છે કે જે શાસ્ત્રોની શૈલી બતાવે છે. વૈદિક-પૌરાણિક ગ્રંથોમાં સંવાદરૂપ પ્રસ્તુત થયા છે. ગુરુ-શિષ્ય વચ્ચે સંવાદ થાય. શિષ્ય ઉત્સુકતાથી પ્રશ્ન પૂછે, ગુરુ એના સ્તરે આવી સમજાવવા પ્રયત્ન કરે. ગીતામાં ગુરુતત્ત્વમાં સંવાદની વિશેષતા સમજમાં આવે છે. શરૂઆતમાં જ ધૃતરાષ્ટ્ર ઉવાચ -

**ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે સમવેતા યુયુત્સવઃ।**
**મામકાઃ પાણ્ડવાશ્ચૈવ કિમકુર્વત સંજય॥ (૧,૧)**

હે સંજય ! ધર્મભૂમિ કુરુક્ષેત્રમાં એકઠા થયેલા, યુદ્ધના ઈચ્છુક, મારા તથા પાંડુના પુત્રોએ શું કર્યું?

આ પહેલો શ્લોક છે. સંવાદ ત્યારે જ સંભવે છે જ્યારે ગુરુ-શિષ્ય વાત કરે, ગુરુ-શિષ્યના સ્તરે ઊતરે, શિષ્યને સંબોધિત કરી એને પોતાના સ્તરે લઈ જાય. ધૃતરાષ્ટ્ર અંધ છે - એ સ્તર સુધી ગીતા આવી છે. આપણને પણ આધ્યાત્મિક અંધાપો છે એની સમજ નથી, ઊંડો અનુભવ નથી. આપણે પણ ભટકેલા છીએ. આસક્તિમાં ફસાયેલા છીએ. ધૃતરાષ્ટ્રને તો પુત્રોમાં જ આસક્તિ છે, આપણને તો ઘણી બધી આસક્તિ છે. આપણા એ સ્તર સુધી ગુરુ આવે એનાથી વિશેષ ગુરુતત્ત્વ શું હોઈ શકે?

જો વ્યક્તિ જોઈ શકતી હોય તો તમે ચિત્ર પ્રસ્તુત કરી સમજાવી શકો પણ જેને દેખાતું જ નથી તેને શબ્દોમાં સમજાવવું અઘરું છે. સંજય, અર્જુન, શ્રીકૃષ્ણના શબ્દોમાં સંદેશ દેવો એ મહાનતા છે. ગુરુ નિઃશબ્દ પણ જ્ઞાન આપી શકે. ગીતામાં તો ધૃતરાષ્ટ્રના શબ્દોમાં પણ આપણા માટે સંદેશ છે. 'મારા અને પાંડુના પુત્રોએ શું કર્યું?' આ પ્રકારના પ્રશ્નમાં પણ **'ધર્મક્ષેત્રે કુરુક્ષેત્રે'**માં શબ્દ આગળ-પાછળ કરવાથી **'ક્ષેત્રે ક્ષેત્રે ધર્મ કુરુ'**નો અર્થ થાય છે, જ્યાં હોઈએ ત્યાં કર્તવ્યનું પાલન કરવું. વેદવ્યાસજીની આ રીતે પણ કૃપા મળે છે. ધૃતરાષ્ટ્રની મનઃસ્થિતિ જે છે તેમાં આપણને આપણી મનઃસ્થિતિ દેખાય છે. 'મારા અને પાંડુપુત્ર' એટલે મારા-તારામાં આપણે પણ અટવાઈ ગયા છીએ. લક્ષ્મણે શ્રીરામચંદ્રજીને પૂછ્યું, 'આ જગતમાં માયા શું છે?' શ્રી રામચંદ્રજીએ કહ્યું, 'હું-મારું, તું-તારું' આ વિચારો માયા છે.' **'મામકાઃ પાણ્ડવાશ્ચૈવ'** - આ માયામાં જે શિષ્ય ફસાયેલો છે એના સ્તરે આવી ગીતાજી વાત કરે છે. ગીતાજીમાં દરેક અધ્યાયના અંતે સંકલ્પ વાક્ય છે -

**'ૐ તત્સદિતિ શ્રીમદ્ ભગવદ્‌ગીતાસૂપનિષત્સુ બ્રહ્મવિદ્યાયાં યોગશાસ્ત્રે શ્રીકૃષ્ણાર્જુન સંવાદે .........।'**

આ ઉપનિષદનું જ્ઞાન છે. આ ઉપનિષદનું જ્ઞાન ભગવદ્‌ગીતા નામે પ્રસ્તુત કર્યું છે. એની શું આવશ્યકતા હતી? આપણા શાસ્ત્ર ક્યારેય અનાવશ્યક વાત કરતાં નથી. ઉપનિષદ અને ભગવદ્ ગીતા બંનેનું સારતત્ત્વ-જ્ઞાન સમાન છે. કેટલુંક જ્ઞાન તો સીધેસીધું ઉપનિષદમાંથી લીધું છે પણ ગીતામાં ગુરુની કરુણા વહે છે.

સામાન્ય રીતે ગુરુ પોતાના સુંદર - શાંત આશ્રમમાં રહે છે. શિષ્ય પોતાનું બધું છોડીને એમની પાસે જાય છે. શિષ્ય આશ્રમમાં શાંત વાતાવરણમાં રહી મન એકાગ્ર કરી પ્રશ્ન પૂછે છે અને ગુરુ સમજાવે છે. જ્યારે આ વાતને ભગવદ્‌ગીતા કેવી રીતે પ્રસ્તુત કરે છે? અહીં શાંત વાતાવરણના બદલે યુદ્ધભૂમિ છે. યુદ્ધ બંધ રહેવાનો પ્રશ્ન નથી. બંને બાજુની સેના શંખનાદ

સાથે તૈયાર છે, તેની વચ્ચે ગીતાનો ઉપદેશ છે. આપણને કહેવામાં આવે કે આપણે જ્ઞાન પ્રાપ્ત કરવા હિમાલય જવું પડશે, ત્યાં રહીને ભણવું પડશે તો આપણામાંથી કેટલા તૈયાર થઇશું ? આપણી શારીરિક-માનસિક ક્ષમતા કેટલી હશે ? ગીતાની કરુણા છે કે એ જ્ઞાનને હિમાલયથી આપણા ઘર સુધી લઈ આવી. વાતાવરણ જ વિલક્ષણ છે. ઉપનિષદથી વિરુદ્ધ વાતાવરણ છે.

ઉપનિષદની પરંપરા અનુસાર શિષ્ય ગુરુ પાસે જતાં રસ્તામાંથી સૂકી લાકડીઓ (સમિધ) ભેગી કરે, હૃદયમાં વિવેક, વૈરાગ્ય, શાંતિ લઈ ગુરુ પાસે આવે છે. ગુરુ જાણતા હોય છે કે શિષ્ય શું ઈચ્છે છે! અહીં શિષ્ય કોણ છે ? ગુરુ કોણ છે ? અર્જુને શ્રીકૃષ્ણને પસંદ કર્યા કે તમે અમારી સાથે રહો. ભગવાને કહ્યું, 'હું તારો સારથિ બનીશ.' ઉપનિષદમાં શિષ્ય ગુરુની સેવા કરે છે, ગીતામાં શિષ્યની સેવા ગુરુ કરે છે. ગુરુ રથ ચલાવે છે. શિષ્ય રથી છે, ગુરુ સારથિ છે. સામાન્ય રીતે શિષ્યની પાછળ ગુરુ હોય, અહીં શિષ્ય ગુરુની પાછળ છે. ઉપનિષદમાં શિષ્યનું સ્થાન ગુરુના ચરણોમાં છે જ્યારે ગીતામાં શિષ્ય જ્યાં ઊભો છે તે સ્થાન ગુરુથી ઊંચું છે અને મનઃસ્થિતિની વાત કરીએ તો ઉપનિષદમાં શિષ્યને ગુરુ પાસેથી શું જાણવું છે તે ખબર હોય છે જ્યારે અહીં શિષ્ય જાણતો જ નથી કે પોતાને શું જાણવું છે?

ગીતાના પહેલા અધ્યાયમાં અર્જુન શ્રીકૃષ્ણને ઉપદેશ કરે છે – હે કૃષ્ણ ! હું ન તો વિજય ઈચ્છું છું કે ન તો રાજ્ય કે ન સુખ પણ; હે ગોવિંદ ! અમારે આવા રાજ્યનું શું પ્રયોજન ? અમે જેમના માટે આ ઈચ્છીએ છીએ તે જ આ બધા લોકો ધન અને જીવવાની આશા જતી કરીને યુદ્ધમાં ઊભા છે. અહીં ગુરુજનો, વડીલો બીજા બધા સંબંધીઓ જ છે. ધૃતરાષ્ટ્રના પુત્રોને હણીને અમને કયો આનંદ મળશે ? અમને તો પાપ જ લાગશે. પોતાનાં જ સ્વજનોને હણીને અમે કેમ સુખી થઈશું ? કુળ-નાશના કારણે લાગતા દોષને જાણનારા અમોએ આ પાપથી બચવા માટે કેમ ન વિચારવું જોઈએ ? કુળનો નાશ થતાં સનાતન કુળ ધર્મ નષ્ટ થઈ જાય છે, સમસ્ત કુળમાં પાપ ફેલાઈ જાય, કુળની સ્ત્રીઓ દૂષિત થઈ જાય છે, વર્ણસંકર પ્રજા જન્મે છે, પિતૃઓ પણ અધોગતિને પામે છે અને જેમના કુળધર્મો નષ્ટ થઈ ગયા હોય એવા મનુષ્યો અનિશ્ચિત સમય સુધી નરકમાં વાસ કરે છે. ઘણાં દુઃખની વાત છે કે અમે બુદ્ધિમાન હોવા છતાં પણ મોટું પાપ કરવા તત્પર થયા છીએ, જે રાજ્ય અને સુખના લોભે સ્વજનોને હણવા તૈયાર થયા છીએ! એ કરતાં શસ્ત્રરહિત મરવું મારા માટે કલ્યાણકારક થશે.' એક પિતા બેટાને કહે છે, 'ચલો આપણે જીવન બાબતે વાત કરીએ.' પુત્ર કહે છે, 'હા, પપ્પા, બોલો તમે શું જાણવા માગો છો ?' આપણા મનની વાત એટલી ચાલે છે કે આપણે ગુરુને સાંભળવા તૈયાર નથી. ગુરુ બધું સહન કરે છે. અર્જુન શ્રીકૃષ્ણને ઉપદેશ આપ્યા પછી કહે છે, 'મને આવડતું હતું તે હું બોલ્યો. હવે તમે નક્કી કરો કે મારે શું કરવાનું ?'

જીવનના યુદ્ધ વચ્ચે આપણે ગભરાયેલા છીએ મન અશાંત છે. આવી પરિસ્થિતિમાં માર્ગદર્શન આપવું બહુ જ કઠિન છે. આવા શિષ્યને – તે ધૃતરાષ્ટ્ર હોય કે અર્જુન – તેનો હાથ પકડીને તેનું રૂપાંતરણ કરી, હૃદયપરિવર્તન કરી નવી દૃષ્ટિ આપી, એ ગુરુતત્ત્વ છે. બીજા અધ્યાયમાં શરૂઆતમાં ભગવાન શ્રીકૃષ્ણની કરુણાની ઝલક જોવા મળે છે. 'હે અર્જુન ! તારા જેવા શૂરવીરને મોહ ક્યાંથી થયો ?' ગુરુએ જ આપણને જગાડવા પડે. ગુરુ આપણને થોડી વિકટ પરિસ્થિતિમાં ધકેલે છે, જેથી આપણે સમજી શકીએ કે મને જ્ઞાનભક્તિની જરૂર છે. અર્જુન શરૂઆતમાં દ્વેષ લઈને યુદ્ધમાં આવ્યો હતો કે 'હું બધાંને મારી નાખીશ' એવો નિશ્ચય કર્યો હતો. ગુરુ જે દેખાય છે તે જુએ છે અને જે નથી દેખાતું તે પણ જુએ છે. ભગવાને અર્જુનના આત્મવિશ્વાસ પાછળ કાયરતા, ડર, ખોખલાપણું આરપાર જોયું. અર્જુને બંને સેના વચ્ચે રથ ઊભો રાખવાની માગ કરી, આમાં અર્જુનનો ઘમંડ દેખાય છે.

તેણે ભગવાનને આજ્ઞા કરી, 'મારા રથને બંને સેના વચ્ચે ઊભો રાખો.' હું જોવા માગું છું કે આ યુદ્ધમાં મારે કોની કોની સાથે લડવાનું છે એ હું જોઈ તો લઉં !' આ શબ્દોમાં 'કયિઃમયા' આ બંને સર્વનામ છે. 'કોણ મારી સાથે' અને 'મારે કોની સાથે' બંને વાતોમાં ભાવનો ફરક છે. 'કૈર્મયા સહ' આ શબ્દોમાં અભિમાન દેખાય છે અને 'કયિ સહ મયા' શબ્દોમાં ડર દેખાય છે. અર્જુન આપણો પ્રતિનિધિ છે. તે નર્વસ હતો, ભયભીત હતો, ચિંતિત હતો. શ્રીકૃષ્ણ ભગવાને એના ભાવ પકડી લીધા – ગુરુ જ આવા સૂક્ષ્મ ભાવ પકડી શકે. સારથિરૂપે ભગવાને રથ ભીષ્મ, દ્રોણ એવા પ્રમુખ રથ સામે ઊભો રાખ્યો. ગુરુની કરુણા છે કે આ જગ્યાએ રથ ઊભો રાખ્યો. કારણ કે જો બીજે ક્યાંક ઊભો રાખ્યો હોત તો અર્જુનને ખબર જ ના પડત કે પોતાની અંદર શું ચાલે છે!

પહેલા અધ્યાયમાં **'પશ્ય' 'દેખો'** - જેની સાથે યુદ્ધ કરવાનું છે તેને જુઓ. ભગવાને સાચા સમયે સાચી જગ્યાએ રથ ઊભો રાખ્યો. અર્જુનની દૃષ્ટિ બદલાઈ ગઈ. આત્મવિશ્વાસ ચૂર ચૂર થઈ ગયો. આ તો મારા વડીલ, ગુરુ-આમની સાથે કેવી રીતે લડાઈ કરું ? અર્જુને શ્રીકૃષ્ણ ભગવાન સાથે લાંબી લાંબી વાતો કરી – આ ધર્મ નથી, અધર્મ યુદ્ધ છે. તેઓ ભલે મને મારી નાખે ....... વગેરે. ડૉક્ટર પહેલાં એનિમા આપે, પછી ઔષધિ આપે. ભગવાને અર્જુનને બધું કહેવા દીધું. સાંભળવા માટે કેટલું ધૈર્ય જોઈએ ? એક વ્યક્તિ બીજી વ્યક્તિ પાછળ દોડતો હતો. કોઈકે પૂછ્યું, 'ભાઈ, શું થયું ? કેમ એની પાછળ દોડો છો ?' પેલી વ્યક્તિએ કહ્યું, 'મેં એની વાત બે કલાક સાંભળી. હવે એનો વારો આવ્યો તો ભાગી ગયો.' કોઈને સાંભળવું નથી, કારણ કે એમાં ધૈર્ય જોઈએ. જ્ઞાની વ્યક્તિને અજ્ઞાનીની વાત સાંભળવી પડે, જેની વાતમાં કોઈ સાર નથી તો પણ સાંભળવું પડે, કેટલું ધૈર્ય જોઈએ ? અર્જુન બોલી-બોલીને થાકી ગયો અને પોતાનો નિર્ણય જણાવી દીધો. 'હું યુદ્ધ નહીં કરું' અને બેસી ગયો. અર્જુન બેસી ગયો ત્યારે ગુરુતત્ત્વનું દર્શન કેવી રીતે થાય છે તે જોઈએ. ભગવાનને થયું, અર્જુનને મનથી ઊભો કરવો પડશે. ભગવાને બીજા અધ્યાયમાં તેને Shock Treatment આપી. ભગવાને ક્ષત્રિય યોદ્ધાને 'નપુંસક' કહ્યો. ભગવાને અર્જુન પર ગુસ્સો કર્યો છે. ગુરુને ગુસ્સો કરવાની શી જરૂર છે ? એના માટે કોઈ ભિન્ન છે જ નહીં, છતાં, અર્જુનને જગાડવા માટે **'ક્ષુદ્રં દૌર્બલ્યં'** કહ્યું છે. આ સાંભળી અર્જુન માત્ર શરીરથી જ નહીં પણ મનથી ઊભો થયો. ગુરુ જે દેખાડે તે શિષ્ય જુએ છે. અર્જુને પૂછ્યું, 'હું એ નથી સમજી શકતો કે અમે જીતીએ તો લાભ થશે કે એ લોકો જીતશે તો લાભ થશે ?' એના માટે આ ધર્મયુદ્ધ નથી, માત્ર રાજ્ય માટેનું યુદ્ધ હતું. અર્જુન શ્રીકૃષ્ણ ભગવાનને કહે છે, 'મારા માટે કલ્યાણકારી – સર્વ માટે હિતકારી વાત તમે નક્કી કરીને મને બતાવો.' અર્જુને જ્યારે કહ્યું કે, 'હું આપનો શિષ્ય છું, આપના શરણમાં આવ્યો છું' ત્યારે ભગવાન બોલ્યા છે. ગુરુની વિશેષતા આપણી ભીતર માગ પેદા કરી આપે છે. જો આપણે સ્વયં માગ ના કરીએ તો સામેથી જે મળે તેની કિંમત થતી નથી. વનવાસ સમયે શ્રીકૃષ્ણ ભગવાન અર્જુનની સાથે જ હતા અને તેને પરમમિત્ર માનતા હતા તો એ સમયે જ્ઞાન આપી શકતા હતા પણ એ યોગ્ય સમય નહોતો. યુદ્ધભૂમિમાં માગ થઈ ત્યારે અસલી વાત બતાવી.

સંજયના શબ્દોમાં પણ સુંદરતા છે. પહેલા અધ્યાયમાં સંજય કેટલી ચીજોનું વર્ણન કરે છે ! ધૃતરાષ્ટ્ર – જેણે જોયું નથી, તેને સમજાવવાનું છે. સંજયે કહ્યું, 'ભીષ્મ પિતામહની ઉપસ્થિતિમાં કૌરવોએ શંખ વગાડ્યો ત્યારે બહુ જ અવાજ થયો.' જ્યારે પાંડવોનો શંખનાદ થયો ત્યારે ત્રણ શ્લોકમાં તેનું વર્ણન કર્યું છે. આમ કહી સંજય એ સમજાવવા માગતા હતા કે ભલે પાંડવો સંખ્યામાં ઓછા છે પણ જીત એમની જ થશે. હજુ યુદ્ધ રોકવું હોય તો રોકો.

બીજા અધ્યાયમાં અર્જુન શાસ્ત્રોક્ત નહોતી એવી નાસમજની વાત કરતો હતો, જે હાસ્યાસ્પદ લાગે

છતાં શ્રીકૃષ્ણ ભગવાન હસતા નથી. ગુરુની આ કરુણા છે. આપણા દુ:ખમાં પણ તે હમદર્દ છે, તેને સહાનુભૂતિ છે. ગુરુ નિષ્પક્ષભાવથી નિર્ણય આપે છે. ભગવાને જ્ઞાનીની અવસ્થાથી સર્વોચ્ચ દૃષ્ટિથી કહ્યું, 'જેનો શોક કરવાની આવશ્યકતા નથી, તેનો શોક કરે છે ?' પછી ભગવાન આ સ્તરથી નીચે ઊતરીને કહે છે, 'સ્વધર્મને જોતાં પણ તારે ભય ન પામવો જોઈએ. કેમ કે ક્ષત્રિય માટે ધર્મયુક્ત યુદ્ધથી વધીને બીજું કોઈ કલ્યાણકારી કર્તવ્ય નથી.' ક્ષત્રિય ધર્મની વાત પણ અર્જુનને સમજમાં ના આવી ત્યારે આપણા જેવા સ્તર પર આવીને ભગવાન કહે છે, 'તું યુદ્ધ નહીં કરે તો લોકો તારા માટે કેવું વિચારશે ? લોકો તારું અપમાન કરશે. અપમાન કરતાં મૃત્યુ સારું છે.' હવે અર્જુનને સમજમાં આવી ગયું. ગીતાજી ક્યા તત્ત્વથી ક્યા તત્ત્વ સુધી નીચે ઊતરીને આવ્યા છે. કર્મયોગથી મોક્ષ સંન્યાસયોગ સુધી ગુરુ શિષ્યનો હાથ પકડીને લઈ જાય છે પછી કહી દે છે, **'યથેચ્છસિ તથા કુરુ'** 'યોગ્ય રીતે વિચારીને તું જેમ ઈચ્છે એમ કર.'

અંતમાં એક તરફ યોગેશ્વર કૃષ્ણ-ઈશ્વરકૃપા અને બીજી તરફ ધનુર્ધર પાર્થ-પુરુષાર્થ - બંને હોય તો સફળતા મળે. ગીતામાં ગુરુતત્ત્વ શિશુની જેમ ચલાવી સર્વોચ્ચ લક્ષ્ય સુધી લઈ જાય છે. શ્રીકૃષ્ણ પરમાત્માને વંદન. વેદવ્યાસજીને પ્રણામ.

**(સંઘર્ષ મંત્રનું મૂર્તસ્વરૂપ-શ્રીકૃષ્ણ પાના નં ૨૯ ઉપરથી ચાલુ)**

વાતો નાની હોય કે મોટી આપણને વિચલિત થતાં વાર લાગતી નથી. આપણે અકળાઈ જઈએ છીએ. શા માટે ? માનસિકશક્તિનો વિકાસ નથી. મન-બુદ્ધિ, ઈન્દ્રિયો ઉપર નિયંત્રણ નથી. તે માટેનું મહત્ત્વનું ચરિત્ર ચિત્રણ એટલે શ્રીકૃષ્ણની દિનચર્યા.

શ્રીમદ્ ભાગવતજીમાં એક અધ્યાયમાં શ્રીકૃષ્ણની દિનચર્યાનું વર્ણન છે. સવારે બ્રાહ્મમુહૂર્તમાં કૂકડો બોલે ત્યારે ચાર વાગ્યે શ્રીકૃષ્ણ શૈયાનો ત્યાગ કરે છે. શુદ્ધ-શીતળ જળથી હાથ-મોં ધોઈને સચ્ચિદાનંદ પરમાત્માનું ધ્યાન કરે છે. અહીં આ 'ધ્યાન' શબ્દ ઉપર ધ્યાન કરવાનું છે." મહાદેવ સતત જપત એક રામ નામ. **'ધ્યાનાવસ્થિતતદ્ગતેનમનસા'** શ્રીકૃષ્ણ દરરોજ ધ્યાન કરે છે, સૂર્યોપાસના કરે છે, ગાયત્રી આરાધના કરે છે. વડીલો-ગુરુજનોને દરરોજ પ્રણામ કરે છે, દાન કરે છે પછી સુધર્મા સભામાં જાય છે.

સભાનું નામ સુધર્મા છે. શ્રીકૃષ્ણ કહે છે, આપણો ધર્મ-આપણું કર્મ છે. નિષ્કામ કર્મ, હૃદયપૂર્વકનું કર્મ, પ્રામાણિક કર્મ, 'બહુજન હિતાય સુખાય ચ'નું કર્મ. શ્રીકૃષ્ણ કહે છે, આપણાં કર્મ શુદ્ધ હોય તો ધર્મ સુધર્મ બને. અહીં ધર્મ એટલે કર્તવ્ય, નિષ્ઠા અને પ્રામાણિકતા છે.

શ્રીકૃષ્ણે ભક્તિ માટે ક્યાંય લાંબા-ટૂંકા તિલક

# સ્વસ્થ માતા, સ્વસ્થ શિશુ, સુખી પરિવાર

## યોગસાધના થકી સ્વસ્થ મૂલ્યનિષ્ઠ સંતાન મેળવવાની ચાવી

(ડૉ.) શ્રીમતી વર્ષાબહેન દવે

(૨૧ જૂન આંતરરાષ્ટ્રીય યોગદિન નિમિત્તે શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં આયોજાયેલ 'સ્વસ્થ માતા, સ્વસ્થ શિશુ, સુખી પરિવારની ચાવી યોગ' પરિસંવાદ અંતર્ગત થયેલા પ્રવચનનો અંશ અહીં પ્રસ્તુત કરતા આનંદ થાય છે.)

નમસ્કાર! આજના આ આંતરરાષ્ટ્રીય યોગદિન નિમિત્તે યોજેલ આ કાર્યક્રમમાં હું ડૉ. વર્ષા દવે આપ સર્વેનું હાર્દિક અભિવાદન કરું છું. યોગદિન શબ્દ સાથે મારા મનમાં વિચાર આવે છે. આ યોગદિન શબ્દ હમણાં હમણાં આપણા કાન પર આવતો થયો. પરંતુ આપણે એવી વિરલ વિભૂતિના સાંનિધ્યમાં બેઠા છીએ કે જેમને સમગ્ર વિશ્વ યોગના પ્રણેતા તથા સમગ્ર જન-જન સુધી યોગનું મહત્ત્વ સમજાવવા લોકોને યોગાભિમુખ કરવા જેમણે પોતાનું જીવન સમર્પિત કર્યું છે તેવા પરમ પૂજ્ય સ્વામીશ્રી અધ્યાત્માનંદજી મહારાજનાં શ્રી ચરણોમાં મારાં નમ્ર પ્રણામ પાઠવી આ વિષય વિષે મારા વિચારો અભિવ્યકત કરું છું. વ્યવસાયે  હું ગાયનેકોલોજિસ્ટ છું, જેથી મારું સમગ્ર કાર્યક્ષેત્ર સ્વસ્થ માતા, સ્વસ્થ શિશુ તથા તેના થકી સ્વસ્થ પરિવાર પર જ કેન્દ્રિત રહેલ છે. આજે સમગ્ર વિશ્વ ઈલેક્ટ્રોનિક મીડિયાના  જુદાં-જુદાં સાધનો વડે ઘણું સીમિત બનેલ છે. દરેક વસ્તુની જાણકારી મેળવવી ઘણી સરળ છે. ઈન્ટરનેટ તથા સોશિયલ મીડિયા દ્વારા દરેક વ્યક્તિ પોતાની ઈચ્છા મુજબ જાણકારી મેળવી શકે છે. સ્વસ્થ માતાની વાત કરવા માટે આપણે બાલ્યાવસ્થાથી વાત શરૂ કરવી પડે. જો આપણે મીઠી કેરીઓ મેળવવી હોય તો આંબો કેવો વાવવો પડે ? મીઠી કેરીના ગોટલાનો - એવી જ રીતે સ્વસ્થ માતા મેળવવી હોય તો આપણી બાળકીઓને સ્વસ્થ બનાવવી પડે. આજે બાળકીઓમાં ટીવીની આંધળી અસર જોવા મળે છે. દરેક દીકરીને એમ જ થાય કે માત્ર ફેર એન્ડ લવલી લગાવો, ગોરી  ચામડી- ચમકતી ત્વચા પ્રાપ્ત કરો અને દરેકનું લક્ષ્ય હોય છે દીપિકા પદુકોણ અથવા સલમાનખાન. આજનો જમાનો ૨૧મી સદીનો છે. પહેલાં કદાચ બાહ્ય પર્સનાલિટી-વ્યક્તિત્વ પર બહુ ભાર નહોતો છતાં માણસ પોતાની આવડત બતાવી શકતો. સમાજ તેને સ્વીકારતો. જ્યારે આજે પરિસ્થિતિ બદલાઈ ગઈ છે. દરેક માનવી બાહ્ય રીતે આકર્ષક વ્યક્તિત્વ ઝંખે છે. અહીંથી આપણા યોગાભ્યાસની જરૂરિયાત શરૂ થાય છે. આજે દરેક બાળક- બાળકીને નાનપણથી જ યોગાભ્યાસની ટેવ પાડવામાં આવે તો શરૂઆતથી જ બાળક તંદુરસ્ત જીવન જીવવાની શરૂઆત કરી દે છે. આજનો બાળક એ જ આવતી કાલનો નાગરિક છે, તેમાંથી જ કોઈ સંત-મહાત્મા, નેતા કે અભિનેતા બનવાનો છે. આજે દરેક દંપતીને સુપરમેન બાળકની ઈચ્છા છે. અત્યારે આપણે ઉત્તમ ફૂલ, ઉત્તમ શાકભાજી, ઉત્તમ વૃક્ષ, ઉત્તમ ગાડી, ઉત્તમ કમ્પ્યૂટર, ઉત્તમ મશીનરી તરફ ધ્યાન આપીએ છીએ. તેનાથી હજારમાં ભાગનું ધ્યાન પણ બાળકોનાં ઉત્તમ ઘડતર માટે આપતા નથી. ઉત્તમ પ્રજા ઉત્પન્ન કરવી એ આપણું પ્રથમ કર્તવ્ય છે. એકડા વિના, જેમ કે સો કે હજાર કે લાખ મીંડા પણ નકામા છે તેમ ઉત્તમ સંતાન વિના વિશ્વ કલ્યાણના પ્રયત્ન નકામા છે.

યોગાભ્યાસથી શું થશે? સ્વસ્થ તન મળશે. સ્વસ્થ તનમાં જ સ્વસ્થ મનનો વાસ છે. જેનું તન અસ્વસ્થ તેનું મન વિકારગ્રસ્ત, માટે જ કહેવાયું છે - A SOUND MIND IN A SOUND BODY - જે માટે સર્વપ્રથમ આળસ-પ્રમાદનો ત્યાગ કરવો પડશે. યોગાભ્યાસ સર્વપ્રથમ આળસનો ત્યાગ કરાવશે તથા સ્વામીશ્રી વિવેકાનંદજીનું સૂત્ર ઉત્તિષ્ઠ, જાગ્રત મુજબ - જાગ્રત બનાવી ઉત્તમ પદાર્થ-ઉત્તમ બાળક પ્રાપ્ત કરવા જ્ઞાનયુક્ત જીવનની શરૂઆત કરાવશે.

આજે સમાજમાં ઘણાં દૃષ્ટાંતો જોવા મળે છે. આજે દરેક બીજી વ્યક્તિને પૂછે કેમ છો તો કહેશે વાઈરલ ફીવર થયો છે. રાજરોગ ટીબી, મેલેરિયા, સ્વાઈન ફ્લૂ, કેન્સર નાની ઉંમરની વ્યક્તિઓને ડાયાબિટીસ, હાઈ બીપી, ઓબેસિટી જેવા રોગો ખૂબ

કોમન થઈ ગયા છે. ગુજરાત તો ડાયાબિટીસનો હબ ગણાય છે. આ બધું કેમ થયું? જીવનશૈલી અકુદરતી. ઝાડ કપાતાં ગયા. સ્વામીજી જ્યાં પણ જાય ત્યાં છોડ આપે છે, જે વૃક્ષમાંથી વિશાળ વટવૃક્ષ બને છે. જે પર્યાવરણ સંતુલનમાં મદદરૂપ થાય છે. આ પણ યોગનો જ એક ભાગ છે.

યોગાભ્યાસ મનુષ્યનું મનોબળ વધારવા ઘણો જ અગત્યનો ભાગ ભજવે છે. યોગાભ્યાસથી મનોબળ મજબૂત બનાવી કાર્યદક્ષ તથા નિપુણ પેઢીનું અવતરણ કરાવી શકાશે. યોગાભ્યાસથી એકાગ્રતા વધશે. એકાગ્રતા એ મનની શાંતિનું ઉત્તમ પાસું છે. એકાગ્રતાની ટેવ કેળવવાથી અશક્ય જણાતાં કામ પણ શક્ય બની શકે છે અને શિવાજી, મહાત્મા ગાંધી જેવા મહામાનવોનાં અવતરણ પણ કરાવી શકાય છે. આ બધું કોણ કરાવી શકશે - ચોક્કસ આદર્શ માતા જ આદર્શ સંતાન આપી શકે. ઈતિહાસ સાક્ષી છે કે શિવાજીમાં દેશભક્તિ જાગ્રત કરવાનું માન જન્મદાતા જીજાબાઈને ફાળે જાય છે. માતા પૂતળીબાઈએ વિશ્વબંધુ મહામાનવ મહાત્મા ગાંધીને જન્મ આપ્યો માટે જ કહેવાયું છે.

**કાર્યેષુ મંત્રી કરણેષુ દાસી**
**ભોજનેષુ માતા શયનેષુ રંભા**

ઈશ્વરની સૃષ્ટિમાં બાળક એક અદ્‌ભુત સર્જન છે. ઘણીવાર કુટુંબ, પતિ-પત્ની વચ્ચેનો વિસંવાદ બાળકના વિકાસને રુંધે છે. હોસ્પિટલમાં સગર્ભાવસ્થા પહેલાં, સગર્ભાવસ્થા દરમિયાન જો આ પ્રકારનો વિસંવાદ થતો હોય તો બાળકનો માનસિક અને શારીરિક વિકાસ રુંધાય છે. ઘરનું, શાળા અને બહારનું વાતાવરણ ક્ષુબ્ધ અને કલુષિત હોય તો તેમાં બાળકોને ભારે નુકસાન થાય છે.

ઉત્તમ બાળકો ઉત્પન્ન કરવા માટે મા-બાપે તૈયારીઓ કરવી પડશે. આજે દરેક દંપતી પ્રસૂતિ સમયની -આવનાર બાળક માટે તૈયારીઓ કરે છે. આ તૈયારીઓ દ્વારા પોતાને કૃતકૃત્ય માને છે, પરંતુ ખરી જરૂર જન્મનાર બાળકનું શરીર બળવાન અને નીરોગી શી રીતે થાય તેની માનસિક શક્તિઓ ઉત્તમ પ્રકારની કેવી રીતે કરી શકાય. તેનામાં સદ્‌ગુણોનું કેવી રીતે સિંચન કરી શકાય. આ સમગ્ર બાબતો યોગાભ્યાસથી જ પ્રાપ્ત થશે.

યોગ એ માત્ર સુંદર આસનો બતાવવાની પ્રક્રિયા નથી પરંતુ યોગ સ્વાસ્થ્ય અને વ્યક્તિત્વ વિકાસનો રાહ બતાવે છે. સાથે રોગ, વ્યસન અને દુઃખથી મુક્ત થવા સફળ અને સુખી જીવનની ચાવી આપે છે. શારીરિક, માનસિક અને આધ્યાત્મિક સ્વાસ્થ્ય માટે આ જરૂરી છે.

એક સંસ્કૃત સુભાષિત યાદ આવે છે -

**આલસ્ય હિ મનુષ્યાણાં શરીરસ્થો મહારિપુઃ**
**નાસ્ત્યિુધમ સમો બંધુ યત્કૃત્વા નાવસિયતી**

મનુષ્યજાતનો આળસ એ મહાશત્રુ છે જ્યારે ઉદ્યમ જેવો કોઈ મિત્ર નથી અને આ ઉદ્યમ કરતો માનવી ક્યારેય હારતો નથી. તેથી યોગાભ્યાસનો અભ્યાસ કરતી માતા હંમેશાં સ્વસ્થ માતા જ બનશે. જે સ્વસ્થ શિશુને જ જન્મ આપી શકશે. હવે સમાજની વાત કરીએ તો સમાજ શું છે? આવા નાની-નાની વ્યક્તિઓના સમૂહ. તો આ સ્વસ્થ માતા જ સ્વસ્થ બાળક થકી સ્વસ્થ સમાજનું નિર્માણ કરી શકશે. તથા કહેવાયું છે કે સૂતેલા સિંહના મુખમાં મૃગલાં પ્રવેશતાં નથી તેમ યોગસાધનાના પ્રયત્ન વગર ક્યારેય મૂલ્યનિષ્ઠ સંતાન-મૂલ્યનિષ્ઠ સમાજ બની શકવાનો નથી.

આપણી સંસ્કૃતિ વૈદિક સંસ્કૃતિ છે કે જેણે સમાજને જીવનની સાચી દિશા ચીંધી છે, તેમાં આપણે બધાં જાણીએ છીએ કે ભક્ત પ્રહ્‌લાદ એ હિરણ્યકશિપુ રાક્ષસનો પુત્ર હતો છતાં તેને માતાએ ગર્ભાવસ્થા દરમ્યાન ૯ માસ સુધી કપિલ મુનિના આશ્રમમાં રહી ભગવાનની આરાધના દ્વારા પ્રહ્‌લાદ જેવો ઉત્તમ બાળક પ્રાપ્ત કર્યો. વૈદિક સંસ્કૃતિની વાસ્તવિક યોજના સંસ્કારો દ્વારા માનવનું નવનિર્માણ કરવાની છે. આપણે બંધ બાંધીએ છીએ, નહેરો ખોદીએ છીએ, સડકો બનાવીએ છીએ, પરંતુ આ બધાનો ઉપયોગ કરનાર માનવ જો સાચો ન હોય, પ્રમાણિક ન હોય, બીજાના દુઃખમાં દુઃખી અને સુખમાં સુખી થનાર ન હોય, દુરાચારી હોય તો આ બધી શોધો શા કામની? કોને માટે આ બધું કરવાનું?

સમાજમાં આતંકવાદ અને ભય દહેશત ફેલાવવા, સરકારના જવાનો પર હુમલા કરનારા માનવમાં માનવતા ક્યાં છે? વૈદિક સંસ્કૃતિની મોટામાં મોટી યોજના એ સંસ્કારો દ્વારા માનવનું નવનિર્માણ છે. જે સંસ્કારો દ્વારા જ સફળ બનાવી શકાય છે. માતા સાથે બાળક પૃથ્વી પર જન્મ લીધા પહેલાં પણ જોડાયેલ હોય છે. માતા જેવું વિચારે, જેવું આચરણ કરે તેની સીધી અસર બાળક પર પડે છે. માતા જો ઉત્તમ વિચાર, ઉત્તમ વાંચન કરે, જપ કરે, નિયમિતતા જાળવે, આહાર વિહારમાં પૂરતું ધ્યાન આપે, તો ચોક્કસ તેજસ્વી બાળકનું અવતરણ કરાવી શકે છે. મહાભારતની કથા પણ આ વાતની સાક્ષી છે. માતા સુભદ્રાના પેટમાં જ્યારે અભિમન્યુ વિકાસ પામતો હતો ત્યારે પૃથ્વી પર અવતરતાં પહેલાંથી જ તેણે યુદ્ધવિદ્યાના કોઠાનું જ્ઞાન મેળવી લીધું હતું.

અહીં હાલની આપણા દરેકની ઈચ્છા યાદ આવે છે. આપણે બધા ભારતમાં કેવા રાજ્યની ઈચ્છા ધરાવીએ છીએ ? - રામરાજ્યની. શા માટે ? કારણ કે દરેક બાબતમાં આપણે ભગવાન રામચંદ્રને આદર્શ માનીએ છીએ. આ ભગવાન રામચંદ્રના જન્મ માટે પણ તેમના પિતા દશરથ તથા માતા કૌશલ્યાએ અનેક સાધના તથા યજ્ઞ દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. પ્રભુ શ્રીરામચંદ્ર જેવો પુત્ર પ્રાપ્ત કર્યો અને તે દ્વારા આદર્શ રાજ્યનું નિર્માણ કર્યું તો આપણે પણ જો રામરાજ્ય લાવવા માગતા હોઈએ તો ઉત્તમ સાધના ચાલુ કરીએ કે જેના દ્વારા ઉત્તમ બાળકોના નિર્માણ થકી શ્રેષ્ઠ સમાજનું નવનિર્માણ કરી શકીએ.

આજકાલ સમાજમાં આત્મહત્યા અને તે પણ યુવા પેઢીમાં ખૂબ જોવા મળે છે. યુવાનોને નાની વાતો જેવી કે ઈચ્છિત વસ્તુ ન મળતાં ડિપ્રેશન, પોતાના ધાર્યા પ્રમાણે સામી વ્યક્તિએ વર્તન ન કર્યું માટે ડિપ્રેશન અને પરિણામ આત્મહત્યા. હવે વિચારો, કુટુંબનો દીકરો કે દીકરી જે કુટુંબમાં જન્મ્યો, મા-બાપે મોટો કર્યો તે જ જ્યારે આવું વિપરીત પગલું ભરે તે કુટુંબની દશા શી થાય? આવા તો સમાજમાં અનેક કિસ્સાઓ જોવા મળે છે. એક સમાચારમાં વાંચ્યું કે સુરત શહેરમાં આઠ વર્ષના બાળકને બ્રેઈન ટ્યૂમર થવાથી કોઈ ટ્રીટમેન્ટ નક્કી થાય તે પહેલાં જ આત્મહત્યા કરી લીધી. આવા કેસમાં જો યોગનો સહારો હોત તો પરિણામ કંઈક જુદું જ હોત. આપણે રામરાજ્ય ઈચ્છવા છતાં કેમ લાવી શકતા નથી, કારણ કે આપણી કુટુંબ વ્યવસ્થા તૂટતી જાય છે. દરેકને સ્વતંત્ર જીવવું છે. સ્વતંત્રતા ચોક્કસ સારી છે પરંતુ સમજણ વિનાની સ્વતંત્રતા સ્વચ્છંદતામાં પરિણમે છે. આપણી આદર્શ કુટુંબ વ્યવસ્થા આદર્શ સમાજનું નિર્માણ કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. યોગાભ્યાસ જીવનમાં શિસ્ત તથા મર્યાદા લાવશે જેના કારણે, કુટુંબમાં એકબીજાનું સન્માન જાળવવાની, એકબીજાને સમજવાની તથા પરસ્પર અનુકૂળ થવાની વૃત્તિ રહેશે. જે સ્વસ્થ પરિવાર માટે પાયાની જરૂરિયાત છે. જો આપણે ઉએ- એડજસ્ટમેન્ટ, એડોપ્ટ, એકોમોડેટ અપનાવીશું તો ક્યારેય પણ કુટુંબમાં કલેશ નહીં રહે. અને આ યોગ જ કરાવી શકશે. યોગ દ્વારા સ્વસ્થ થતા સમજુ પરિવાર તથા સ્વસ્થ સમાજનું નિર્માણ થશે.

હવે પ્રશ્ન થાય કે સ્વસ્થ સમાજનો આગ્રહ થાય કેમ ? તો એક વસ્તુનો વિચાર કરીએ કે જો સમગ્ર સમાજ યોગાભ્યાસ તથા યોગપૂર્ણ જીવનશૈલી અપનાવે તો ચોક્કસ હેલ્થ એન્ડ વેલ્થ બંનેમાં વધારો થશે. સમાજ હકારાત્મક, અહિંસાત્મક અને સમૃદ્ધિવાળો થશે. આતંકવાદ ધીરેધીરે ઘટશે અને આપણે સંસ્કારી દેશનું નિર્માણ કરી શકીશું. યોગ દ્વારા અસ્તિત્વમાં બદલાવ લાવી શકાશે. વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેનું અંતર ઘટશે. જેથી દુરાચાર, ભ્રષ્ટાચાર, વ્યભિચાર તથા બેઈમાની ઘટશે. સમાજમાં એકતા, સમરસતા, ન્યાય, સદભાવના, સહિષ્ણુતા વધશે, પણ આનો ભાર મારી દૃષ્ટિએ હાલમાં કોના પર રાખીશું ? ચોક્કસ સ્વસ્થ માતા ઉપર જ. માટે મને યાદ આવે છે :

**તુજ કો નહીં દેખા હમને કભી, પર ઈસકી જરૂરત કયા હોગી**

**હે મા...**

**તેરી સૂરત સે અલગ ભગવાન કી મૂરત કયા હોગી.**

માતા જ ઈશ્વરના સ્વરૂપે આ ઉત્તમ કાર્ય કરશે.

# સંઘર્ષ મંત્રનું મૂર્તસ્વરૂપ-શ્રીકૃષ્ણ

શ્રી સ્વામી અધ્યાત્માનંદજી

દર વર્ષે 'શ્રીકૃષ્ણ જન્માષ્ટમી' પર્વ આવે છે. કૃષ્ણ ભક્તો ઘેલા થઈને મથુરા, દ્વારકા, ડાકોરમાં નાચે-કૂદે અને ગાય છે. નંદ મહોત્સવ થાય. ઢોલ-ખોલ મંજિરા વાગે, ગુલાલ ઊડે, દહીં-દૂધ-માખણ અને મિસરી... જયજયકાર. બસ, ઉત્સવ પૂરો.

શ્રીકૃષ્ણને થોડું ગહનતાથી સમજવા જોઈએ. શ્રીકૃષ્ણ સહનશીલતા, વિનમ્રતા, સરળતા, સહજતા અને સંઘર્ષનું મૂર્તસ્વરૂપ છે. સ્વામી વિવેકાનંદજીનું એક કથન છે. "Struggle Struggle Struggle is SINE QUA NONE of Life and Stagnation is Death." સંઘર્ષ એટલે જીવન અને સ્થગિતતા એટલે મૃત્યુ.

કારાગૃહમાં પ્રગટ થયા બાદ જન્મદાત્રી માતાના સ્તનપાનથી બાલકૃષ્ણ વંચિત રહ્યા છે. શ્રીકૃષ્ણ પ્રાગટ્યના છઠ્ઠા દિવસે જ પૂતનાનું આગમન થયું છે. પૂતના અવિદ્યા છે. તે પોતાની સાથે પાંચ દોષોને લઈને આવેલી છે- ૧. દેહાધ્યાસ ૨. ઈન્દ્રિયાધ્યાસ ૩. પ્રાણાધ્યાસ ૪. અંતઃકરણાધ્યાસ ૫. સ્વરૂપ વિસ્મૃતિ (વિવેક કે ભાન ભૂલીને વ્યવહાર). પૂતના શૃંગાર કરીને આવી છે, પરંતુ સ્તન ઉપર કાલકૂટ વિષનો લેપ છે. સંઘર્ષમય જીવનનું પ્રથમ ચરણ જગતનું ઝેર પીવું પડશે. વિશ્વની બાહ્ય ઝાકઝમાળમાં ભ્રમિત થઈ જીવન ઉત્કર્ષ ન સંભવી શકે. માન- અપમાન, યોગ્ય-અયોગ્ય, મિથ્યાત્વ અને દંભ, છળ કે કપટસભર દુન્યવી તાણાવાણાઓ વચ્ચે સ્વકીય જીવન સત્ત્વને સાચવીને જ આગળ ચાલવું પડે. તેને આપણે 'Defencing drive' કહી શકીએ. હું કોઈની સાથે ના ટકરાઉં તેના કરતાં સાચવવાનું ત્યાં છે કે કોઈ મને ટક્કર ન મારી જાય. પૂતનાના સ્તનપાન સમયે શ્રીકૃષ્ણ બંને હાથે સ્તન પકડીને દૂધ-ઝેર સાથે તેના પ્રાણ પણ પીવા લાગ્યા ત્યારે પૂતનાનું કથન છે **"મુચ્યતામ્ મુચ્યતામ્"**- "મને છોડ, મને છોડ." વાસનામુક્તિ માગે છે. કામનામુક્તિ માગે છે. શ્રીકૃષ્ણ જીવન પ્રારંભના પ્રથમ ચરણમાં જ સમજાવવા માંગે છે - કામ ના છોડો, કામના છોડો. વાસ ના છોડો. વાસના છોડો. જીવન પ્રમાદ નથી, જીવન સંઘર્ષ છે. જ્યાં પ્રમાદ છે ત્યાં મૃત્યુ છે, અંધકાર છે. જ્યાં સંઘર્ષ છે ત્યાં પ્રકાશ છે, જ્ઞાન છે, વિકાસ છે.

તૃણાવર્ત વંટોળિયો છે. જીવનની રેખા સરળ-સીધી કદીયે હોતી નથી. "જીવનમાં જો જો રંગ ભર્યા ગુલાબ ગ્રહતાં વાગે નહીં કંટકો, પંથો છે અતિ આકરા જીવનના જ્યાં-ત્યાં દિસે સંકટો. આ સંસાર રણે નથી પગથી કો, ગેબી તરંગો ઊઠે, ઝંઝાવાત ફુંકાય ત્યાં શિવ સ્વયં, કૂર્યાત્ સદા મંગલમ્"નું જીવંત દર્શન એટલે શ્રીકૃષ્ણ. વંટોળમાં ઊડી જવાય, પરંતુ પાયો પાકો હોય, મૂળ વિસ્તરેલ હોય તો વૃક્ષો ધરાશયી નથી થતાં. નિલગીરી-નાળિયેરીનાં વૃક્ષ વહેલાં પડે છે. વડ-પીપળા લાંબું જીવે છે. આ બંને વૃક્ષનાં મૂળ વિસ્તરેલાં છે. આપણાં જીવન પ્રકૃતિથી ભિન્ન થઈ રહ્યાં છે. આપણાં મૂળ એટલે આપણી સંસ્કૃતિ, સંસ્કાર અને સૌજન્ય. શ્રીકૃષ્ણ જ્યારે રાજદૂત બનીને ગયા ત્યારે માર્ગમાં અનેક ઋષિમુનિઓ પગે ચાલીને ધૃતરાષ્ટ્રની રાજ્યસભા તરફ ચાલતા જતા દેખીને શ્રીકૃષ્ણ રથમાંથી ઊતરી પડ્યા છે. સંતોની ચરણ રજ લઈ તેમની સાથે ચાલ્યા છે.

શ્રીકૃષ્ણનું શિક્ષણ છે - જ્યાં મદ છે-મત્સર છે, અહંકાર છે ત્યાં અજ્ઞાન, અંધકાર અને પરાજય છે. આ બકાસુર, ધેનુકાસુર, અઘાસુર કે કાલીય મર્દન, ષડ્‌રિપુઓ ઉપર વિજય માટે તેમના મસ્તક પર પ્રહાર કરી અને જીવન યાપનની કળા 'Path to Blessedness'નું પાથેય આપે છે.

**(અનુસંધાન પાન નં. - ૨૫)**

## આશ્રમના ઉત્સવો

| તારીખ | વાર | ઉત્સવ | સમય |
|---|---|---|---|
| ૧૦-૧૦-૨૦૧૮ | બુધવાર | નવરાત્રિ પર્વ નિમિત્તે | સવારે ૯-૦૦ થી |
| થી | થી | સામૂહિક ગીતા પારાયણ | ૧૧-૦૦ સુધી |
| ૧૮-૧૦-૨૦૧૮ | ગુરુવાર | શ્રી દુર્ગા સપ્તશતી | બપોરે ૪-૦૦ થી ૭-૦૦ સુધી |
| | | માતાજીના પવિત્ર | રાત્રે ૯-૦૦ વાગ્યે |
| | | રાસ-ગરબા | |
| તા. ૧૭ ઓક્ટોબર | | કુમારિકાપૂજન, અષ્ટમીનો હવન | સવારે ૮.૦૦ થી ૧૧.૩૦ |
| તા. ૧૮ ઓક્ટોબર | | શ્રીલક્ષ્મી હવન | સવારે ૮.૦૦ વાગ્યે |
| ૫-૧૧-૨૦૧૮ | સોમવાર | ધનતેરસ નિમિત્તે | સાંજે ૭-૦૦ થી ૯-૦૦ સુધી |
| | | સામૂહિક ધનપૂજન | |
| ૭-૧૧-૨૦૧૮ | બુધવાર | દિવાળી નિમિત્તે | સાંજે ૪-૦૦ થી ૮-૩૦ સુધી |
| | | મા અષ્ટલક્ષ્મીજીનાં ભવ્ય અન્નકૂટદર્શન | |
| | | મહાઆરતી | સાંજે ૮-૦૦ વાગ્યે |

૧. ઉપરોક્ત સર્વે કાર્યક્રમમાં સૌ ભક્તોનું સ્વાગત છે.

૨. ધનતેરસની પૂજાનો લાભ લેવા માગતા ભક્તોએ આગળથી નામ નોંધાવવું.

૩. દિવાળીના દિવસે અન્નકૂટ સામગ્રી સેવા નોંધાવવા માટે ભક્તોએ અગાઉથી મંદિર-આચાર્ય અને કાર્યાલયના સમયે ઓફિસમાં નોંધ કરાવવી.

૪. શિવાનંદ આશ્રમમાં આવીને રહેવા-સાધના કરવા માગતા શિવાનંદ પરિવારના સદસ્યોએ અગાઉથી પત્ર લખવો. લેખિત મંજૂરી મેળવીને જ આવવા વિનંતી, જેથી વ્યવસ્થામાં સગવડતા સચવાઈ છે.

## અજાત શત્રુ- ડૉ. અશોક બક્ષીનું દેહાવસાન

ગુજરાત દિવ્ય જીવનના પ્રન્યાસી અને દિવ્ય જીવન સંઘ ભાવનગરના ભૂતપૂર્વ પ્રમુખ ડૉ. અશોક બક્ષીનો દેહવિલય તા. ૨૮-૮-૨૦૧૮ની વહેલી સવારે સાડા પાંચ વાગ્યે થયો. થોડા સમયથી તેમનું સ્વાસ્થ્ય દુરસ્ત ન હતું. સવારે ૪ વાગ્યા સુધી પ્રભુ સ્મરણ, ગુરુદેવ શ્રી સ્વામી ચિદાનંદજી મહારાજ પાસેથી દીક્ષા પ્રાપ્ત અષ્ટાક્ષરી મંત્ર તથા ઓમકારના જાપ તેમણે કર્યા હતા. થોડી વારે શાંતિથી નિદ્રાધીન થતા તેઓ ચિરનિદ્રામાં પોઢી ગયા હતા. સ્વામી અધ્યાત્માનંદજી ઈ.સ. ૧૯૭૪થી દિવ્ય જીવન સંઘ ભાવનગર શાખાના મુલાકાતી રહ્યા. ત્યારથી શ્રી અશોકભાઈના પરિવારના સભ્યો પણ દિવ્યજીવન સંઘના સક્રિય સભ્ય અને કાર્યપ્રણાલીના અવિભાજ્ય અંગ બની રહ્યા.

ભાવનગરમાં માતા શ્રીમતી તારાબહેન તથા પિતા શ્રી જગમોહનભાઈ બક્ષી ના સુપુત્ર અશોકભાઈનું શિક્ષણ મુંબઈમાં થયું. M.B.B.S., M.D. (Pediatrics)નો અભ્યાસ પણ મુંબઈમાં કર્યો. સરળ, સહજ, વિનમ્ર અલ્પ અને મૃદુભાષી, કર્મ તથા અધ્યાત્મના આ પુણ્યાત્માની વિદાય ગુજરાત દિવ્ય જીવન સંઘ અને શિવાનંદ પરિવાર માટે કદી ન ભુલાય તેવી મોટી ખોટ છે. તેમની પાછળ તેમના પત્ની શ્રીમતી સુરેખાબહેન, બહેન ડૉ. શોભા બક્ષી, પુત્ર ઉદય અને પુત્રી પદ્મજાના પરિવારોને મૂકીને તેઓ ગયા છે.

ગુરુ ભક્તિનું આદર્શ ઉદાહરણ અને સેવાનું મૂર્ત સ્વરૂપ ડૉ. અશોકભાઈના આત્માને શતશઃ વંદન. તેમના પરિવારના પરિજનો ઉપર આવી પડેલ આ આકસ્મિક આઘાતને સહન કરવાની પ્રભુ તેમને શક્તિ આપો. ૐ શાંતિઃ

ગુજરાત દિવ્ય જીવન સંઘ

# વૃત્તાંત

● **તા. ૪-૮-૨૦૧૮ના રોજ આરાધના પર્વ :** સદ્‌ગુરુદેવ શ્રીમત્ સ્વામી શિવાનંદજી મહારાજના ૫૫મા મહાસમાધિ-આરાધના પર્વની ઉજવણી શિવાનંદ આશ્રમ, અમદાવાદ ખાતે ખૂબ જ ભક્તિભાવ સાથે શ્રી ગુરુપાદુકાપૂજન-સત્સંગ બાદ પ્રસાદ વિતરણ સાથે સંપન્ન થઈ.

● **તા. ૯-૮-૨૦૧૮:** આજરોજ ગુજરાત રાજયના મહામહિમ રાજ્યપાલશ્રી ઓમપ્રકાશ કોહલીજીનો ૮૪મો જન્મોત્સવ તેમણે સમગ્ર ગુજરાતના શતક રક્તદાતાઓનું સન્માન કરીને રાજભવનમાં ઊજવ્યો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિન પટેલ, સ્વાસ્થ્ય કમિશનર શ્રીમતી રવિ જયંતી અને ઈન્ડિયન રેડ ક્રોસના વરિષ્ઠ પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા. સન્માન સમારંભ પછી મિષ્ટ ભોજન બાદ સૌ વિખરાયાં. પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ પણ શતક રક્તદાતા હોઈ તેમનું વિશેષ ગૌરવ કરવામાં આવ્યું.

● **તા. ૧૧-૮-૨૦૧૮ :** છેલ્લા ૭૫ દિવસથી ચાલતો 'આત્મબોધ' સત્સંગ આજે વિરામ પામ્યો. વ્યાસપીઠેથી પૂજ્ય સ્વામીજીએ આત્મસ્થ થવાની અપીલ કરી.

● તા. ૧૨-૮-૨૦૧૮, ભાટ (ગાંધીનગર) : ટાઈમ્સ ઓફ ઈન્ડિઆ, હિરો મોટર્સ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને ગુજરાત સરકારના સંયુક્ત પ્રાવધાનમાં એક લાખ વૃક્ષોના છોડ રોપવાનો ભવ્ય કાર્યક્રમ આજરોજ સવારે ૮.૦૦ વાગ્યે આયોજાયો. શિવાનંદ આશ્રમમાંથી પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી, શ્રી અરુણ ઓઝા(ટ્રસ્ટી) તથા યોગ અને રેઈકીના શિક્ષકોનું એક વિશાળ મંડળ ખૂબ જ ઉત્સાહથી આ વૃક્ષારોપણ કાર્યક્રમમાં જોડાયું. જેમાં શહેરની અન્ય સંસ્થાઓ એ પણ સક્રિય ભાગ લીધો.

● **તા. ૧૨-૮-૨૦૧૮થી શ્રાવણ માસ :** શિવાનંદ આશ્રમ ખાતે પવિત્ર શ્રાવણ માસની ઉજવણીનો ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવની પૂજા-અર્ચના સાથે શુભારંભ થયો. ભગવાન શ્રી વિશ્વનાથ મહાદેવ મંદિર ભક્તોથી ઊભરાઈ રહ્યું. પવિત્ર શ્રાવણ માસ દૈનિક રુદ્રાભિષેક પૂજાઓ, ષોડશોપચાર પૂજાઓ, અભિષેકાત્મક લઘુરુદ્ર, સવાલક્ષ બિલ્વપત્રની અર્ચના, પાર્થિવેશ્વર મહાદેવની પૂજાઓ ઉપરાંત સોમવારે વિશેષ શૃંગાર આરતી અને રાત્રે પ્રહર પૂજાઓ સાથે ઊજવાયો. વિવિધ ઉત્સવના આયોજનના સમયે વિશેષ શૃંગારદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું.

● **તા. ૧૨-૮-૨૦૧૮ થી તા. ૩૦-૮-૨૦૧૮ સુધી શિવમહિમ્નઃસ્તોત્ર કથા :** પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજની વ્યાસપીઠે શ્રાવણ માસ નિમિત્તે દરરોજ સાંજે ૫-૪૫ થી ૭-૩૦ વાગ્યા સુધી શિવમહિમ્નઃસ્તોત્ર વિષયક મનનીય પ્રવચનો થયાં. જેનો લાભ વિશાળ સંખ્યામાં ભક્તોએ લીધો.

● **તા. ૧૫-૮-૨૦૧૮, સ્વાતંત્ર્યદિન :** આપણા મહાન રાષ્ટ્ર ભારતવર્ષના ૭૨મા સ્વાતંત્ર્યદિન નિમિત્તે શિવાનંદ આશ્રમ, અમદાવાદમાં ધ્વજવંદન સવારે ૬-૪૫ કલાકે આશ્રમના પ્રાંગણમાં પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજના વરદ હસ્તે કરવામાં આવ્યું. સાંજે ૫-૦૦ થી ૬-૦૦ સુધી પૂજ્ય સ્વામીજી અને આશ્રમના વરિષ્ઠ પદાધિકારીઓ શ્રીમતી પૂનમ થવાણી, શ્રી અરુણ ઓઝા અને શ્રી વિજય સોની રાજભવન ખાતે ગવર્નર સાહેબ દ્વારા આયોજિત સ્નેહ મિલનમાં ઉપસ્થિત રહ્યા.

● **તા. ૧૮-૮-૨૦૧૮, અમદાવાદ :** શ્રી અખિલ હિંદ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પરિષદ દ્વારા આયોજિત સ્નેહમિલન અને સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન પંડિત દીનદયાળ ઉપાધ્યાય રંગભવનમાં, સાંજે ૪-૦૦ થી ૮-૦૦ વાગ્યા સુધી થયું. આ સમારંભનું દીપ પ્રજ્વલન અને આશીર્વચન પૂજ્યપાદ શ્રીમત્ સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે કર્યું.

● અંધજનમંડળ, અમદાવાદ દ્વારા 'પ્રેરણા' કાર્યક્રમ 'સદ્‌વિચાર' સંસ્થાના મધ્યખંડમાં સાંજે ૫-૦૦ થી ૮-૦૦ વાગ્યા સુધી થયો અને તેના સમાપનમાં સાંજે ૭-૩૦ થી ૮-૦૦ વાગ્યા સુધી પૂજ્ય સ્વામી અધ્યાત્માનંદજી મહારાજે તેમને ઉદ્‌બોધન કરીને ખૂબ જ મજબૂત-જીવન જીવવાની પ્રેરણા આપી.

● **તા. ૨૧-૮-૨૦૧૮, અમદાવાદ :** રાષ્ટ્રના સપૂત અને અજાત શત્રુ ભાજપાના પ્રેરણા પુરુષ શ્રી અટલ બિહારી બાજપેયીજીના દુઃખદ નિધન બાદ રાજકીય તમામ પાર્ટીઓ દ્વારા એક ભવ્ય શ્રદ્ધાંજલિ કાર્યક્રમ ગુજરાત યુનિવર્સિટીના ભવ્ય સભાખંડમાં આયોજાયો. જેમાં ગુજરાતના આદરણીય મહામહિમ રાજ્યપાલ શ્રી ઓમપ્રકાશ કોહલીજી, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજય રૂપાણી, પૂર્વ મુખ્ય મંત્રી શ્રી કેશુભાઈ પટેલ તથા તમામ જૂની-નવી પાર્ટીઓના સર્વે વરિષ્ઠ નેતાઓ તથા સમગ્ર ગુજરાતના તમામ વરિષ્ઠ સંતો આ પ્રાર્થના સભામાં ઉપસ્થિત રહ્યા. પૂજ્ય સ્વામી

અધ્યાત્માનંદજી મહારાજ તથા શિવાનંદ આશ્રમના અન્ય સંતો પણ આ પવિત્ર પ્રસંગે ઉપસ્થિત રહ્યા.

● તા. ૨૬-૮-૨૦૧૮ : રક્ષાબંધન અને નારિયેળી પૂનમના પવિત્ર દિવસે સવારે સમસ્ત ઔદિચ્ય બ્રહ્મસમાજના ભૂદેવો શિવાનંદ આશ્રમમાં ઉપાકર્મ-યજ્ઞોપવીત પરિવર્તન નિમિત્તે પધાર્યા. વૈદિક મંત્રોચ્ચાર અને સનાતન પારંપરિક વિધિવિધાનપૂર્વક સૌ 'દ્વિજો' કૃતકૃત્ય થઈને ગયા. બ્રહ્માકુમારીનાં બહેનો સાંજે સત્સંગમાં પધાર્યાં અને પૂજ્ય સ્વામીજીને રાખડી બાંધી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

● ૩૧-૮-૨૦૧૮ : નાગપંચમીના પવિત્ર પર્વે આશ્રમના પંડિતજીઓએ વિધિવત્ નાગદેવતાનું પૂજન કર્યું, જેમાં મોટી સંખ્યામાં ભાવિક ભક્તોએ ઉપસ્થિત રહીને કૃતકૃત્યતાની અનુભૂતિ કરી.

●તા. ૧-૯-૨૦૧૮ થી ૮-૯-૨૦૧૮, અમદાવાદ

પવિત્ર શ્રાવણ માસના સમાપન પૂર્વે શિવાનંદ આશ્રમમાં સંગીતમય શ્રીમદ્ ભાગવત્ કથાનું ભવ્ય આયોજન થયું. વ્યાસપીઠ ઉપર રાજકોટ ગીતા વિદ્યાલય ટ્રસ્ટના પ્રમુખ ડો. કૃષ્ણકુમાર મહેતા(શાસ્ત્રી) M.Sc., M.ed. P.hd. બિરાજ્યા. તેઓશ્રી ગોલોકવાસી સુપ્રસિદ્ધ ભાગવતાચાર્ય પૂજ્ય શ્રી મનહરલાલજી મહારાજના સુપુત્ર થાય. ભાગવતજીના વિવિધ પ્રસંગોની ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી અને ખૂબ જ વિશાળ સંખ્યામાં ભક્તજનોએ આ દિવ્ય પ્રસંગનો લાભ લીધો.

● તા. ૨-૯-૨૦૧૮ના રોજ સન્માનનીય શ્રીમતી સ્મિતા શાસ્ત્રીજીના 'નર્તન સ્કૂલ ઓફ ક્લાસિકલ ડાન્સીસ' ગ્રુપ દ્વારા રાત્રે ૮-૩૦ થી ૧૦-૦૦ વાગ્યા સુધી કુચીપુડી અને ભરતનાટ્યમ્ નૃત્યોની પ્રસ્તુતિ થઈ. વિશાળ સંખ્યામાં ભક્તો આ સાત્ત્વિક આનંદના સહભાગી બન્યા.

● તા. ૩-૯-૨૦૧૮ના રોજ શ્રી જન્માષ્ટમી : અત્રે શ્રી જન્માષ્ટમી નિમિત્તે શ્રીમતી શુચિ બુચ દ્વારા ભરતનાટ્યમ્ અને હાટકેશ સ્વરગુંજન મંડળના પૂજ્ય શ્રી ડો. જયંતભાઈ વસાવડાના નેતૃત્વમાં આશ્રમના શ્રીશ્રીશ્રી અષ્ટલક્ષ્મી ભવનમાં રાત્રિના ૮-૩૦ થી ૧૨-૦૦ વાગ્યા સુધી ભક્તિસંગીતનું આયોજન થયું. આ પ્રસંગે ખૂબ જ વિશાળ માત્રામાં ભક્ત સમૂહ આશ્રમ ઉત્સવમાં ઊમટ્યો. કલાકારોએ સમગ્ર ભાવિકોને મંત્રમુગ્ધ કરી દીધા અને મહારાત્રિના મહાલય સમયે સૌ ભક્તોને શ્રીકૃષ્ણ રસમાં તરબોળ કર્યા. શ્રીકૃષ્ણ જન્મોત્સવની આરતી-પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યું. સૌ ભક્તોનાં હૃદય શ્રીકૃષ્ણ પ્રેમના હર્ષોલ્લાસથી ભરાઈ ગયાં.

● તા. ૭-૯-૨૦૧૮ના રોજ આરાધના પર્વ : ગુરુભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનો દશમો મહાસમાધિ-આરાધના દિવસ તથા બ્રહ્મલીન શ્રી સ્વામી પવિત્રાનંદજી મહારાજ (સંસ્થાપક : શિવાનંદ આશ્રમ, અમદાવાદ)નો ૨૪મો મહાસમાધિ દિવસ પ્રાર્થના, ધૂન, ભજન, શ્રી ગુરુપાદુકાપૂજન, સત્સંગ તથા દરિદ્રનારાયણ સેવાથી સાર્થક અને સંપન્ન થયો

● તા. ૮-૯-૨૦૧૮ના રોજ પ્રાગટ્યદિન : સદ્‌ગુરુદેવ શ્રી સ્વામી શિવાનંદજી મહારાજના ૧૩૧મા પ્રાગટ્ય પર્વે ખૂબ જ ભવ્ય અને દિવ્યતાથી શ્રી ગુરુપાદુકાનું પૂજન થયું અને ભક્તોએ ગુરુમહિમાનું ગાયન કરી સૌને દિવ્ય લાભ આપ્યો.


● તા. ૭/ ૮-૯-૨૦૧૮, અમદાવાદ : ગોલોક વાસી સંગીત સુધાકર પંડિત શ્રી કૃષ્ણકાંતભાઈ પરીખની પુણ્ય સ્મૃતિમાં શ્રદ્ધાંજલિ સ્વરૂપે એક સમારોહ શિવાનંદ આશ્રમમાં આયોજાયો. આ પ્રસંગે વિશ્વ વિદિત કલાકારો પંડિત શ્રી વિશ્વમોહનજી ભટ્ટ, પંડિત શ્રી રાજનજી અને પંડિત શ્રી સાજનજી મિશ્રા તથા ઉસ્તાદ શ્રી અકરમખાનજી વગેરેનો અવિસ્મરણીય કાર્યક્રમ થયો. આ કાર્યક્રમનું આયોજન પંડિત પરીખ બંધુ ત્રિપુટી શ્રી વિકાસ, શ્રી નિરજ તથા શ્રી માતંગ દ્વારા થયું.

● તા. ૯-૯-૨૦૧૮ના રોજ શ્રાવણ માસની પૂર્ણાહુતિ : પવિત્ર શ્રાવણ માસની પૂર્ણાહુતિ પ્રસંગે હોમાત્મક લઘુરુદ્રનું આયોજન કરવામાં આવ્યું હતું. સાંજે શ્રીફળ હોમ થયા બાદ શ્રી વિશ્વનાથ મહાદેવના ભવ્ય શૃંગારદર્શન ઉપરાંત બરફના અમરનાથ ભગવાનનાં દિવ્ય દર્શન અને ભસ્મ આરતી બાદ ૧૧૦૦થી વધારે ભક્તો ભંડારાનો મહાપ્રસાદ પ્રાપ્ત કરવા સદ્‌ભાગી થયા.

● તા. ૧૩-૯-૨૦૧૮ : ગણેશચતુર્થીના પવિત્ર પર્વ નિમિત્તે આશ્રમના શ્રી ગણેશ મંદિરમાં વિશેષ પૂજા માટે ભક્ત મહેરામણ ઊમટ્યો તે જ પ્રમાણે આગલા દિવસે કેવડા (શ્રી હરતાલિકા) ત્રીજની પૂજા પણ ખૂબ જ ધામધૂમથી સંપન્ન થઈ.

● તા. ૨૪-૯-૨૦૧૮ના રોજ પ્રાગટ્યદિન : આજરોજ ગુરુ ભગવાન શ્રીમત્ સ્વામી ચિદાનંદજી મહારાજનો ૧૦૩મો પ્રાગટ્યદિન વિશેષ પાદુકાપૂજન અને સત્સંગથી ઊજવાયો.

**● પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી મહારાજ તા. ૩૦ ઓગસ્ટથી ૩૦ નવેમ્બર સુધી વિદેશની અધ્યાત્મયાત્રા પર હોવાથી તેનો સંક્ષિપ્ત અહેવાલ આવતા અંકમાં પ્રગટ થશે.**


SUVARNAKALA®
Gold, Diamond & Silver Jewellery
BIS Approved Jeweller
BIS Hallmarked Jewellery
C.G. ROAD :
National Plaza, Opp. Lal Bungalow, Ahmedabad-6
SATELLITE :
Venus Amadeus, Opp. Jodhpur Cross Road
BRTS Bus Stop, Ahmedabad-15

ISO 22000
ફૂડ સેફ્ટી
પ્રમાણિત કંપની

# સ્વાદ અને ગુણવત્તાની પરંપરા




શ્રેષ્ઠ ગુણવત્તાની પરંપરા દ્વારા દેશ-વિદેશના અસંખ્ય ગ્રાહકો સુધી પહોંચવાનો અમારો નિર્ધાર છે.
ભારતીયતાનું સ્વાદ સભર ગૌરવ!

રામદેવ

મસાલા • ઈન્સ્ટન્ટ મિક્ષ • બ્લેન્ડેડ મસાલા • હિંગ વગેરેની વિશાળ શ્રેણી અને પેક સાઈઝ

**રામદેવ ફૂડ પ્રોડક્ટ્સ પ્રા. લિ.**
સ્પાઈસ વર્લ્ડ, સરખેજ-બાવળા હાઈવે, ચાંગોદર-૩૮૨ ૨૧૩, અમદાવાદ. • www.ramdevfood.com






ગુજરાત રાજ્યના રાજભવન, ગાંધીનગર ખાતે સ્વાતંત્ર્ય પર્વ નિમિત્તે સ્નેહ-મિલન (તા. ૧૫-૮-૨૦૧૮)






પંડિત શ્રી કૃષ્ણકાંત પરીખ સ્મૃતિ સંગીત સમારોહ તા. ૭/૮-૯-૨૦૧૮



અખિલ હિંદ ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ પરિષદ પ્રસંગે પૂજ્ય સ્વામીજીનું બહુમાન (તા. ૧૮-૮-૨૦૧૮)



ડૉ. શૈલેશ ઠાકરની ગત દશ વર્ષમાં ગૂગલ ખાતે ૬,૪૮૦ લાખ શબ્દો દ્વારા બ્લોગ લેખનની વિશિષ્ટ યોગ્યતાના સન્માન પ્રસંગે પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી દ્વારા અભિનંદન





બ્રહ્માકુમારી નંદિનીબહેન દ્વારા શિવાનંદ આશ્રમમાં સંતોને રક્ષાબંધન (તા. ૨૬-૮-૨૦૧૮)

Printed and Published by ARUN DEVENDRA OZA on behalf of GUJARAT DIVYA JIVAN SANGH and Printed at Print Vision Private Limited, "Print Vision House", Opp. Old Central Bank of India, Ambawadi, Ahmedabad-380 006 and published from Gujarat Divya Jivan Sangh, Sivananda Ashram, Jodhpur Tekri, Sivananda Marg, Satellite, Ahmedabad-380 015. Editor- SWAMI ADHYATMANANDAJI





તાઈપી (તાઈવાન) મ્યુનિસિપલ કોર્પોરેશનનાં મેયર
શ્રીમતી એન્જલા યીંગને સફળ શંખ પ્રક્ષાલન માટે પ્રમાણપત્ર પ્રદાન



પૂજ્ય શ્રી સ્વામી અધ્યાત્માનંદજી દ્વારા શિવાનંદ યોગ સ્ટુડિયો અને તાઈવાન સ્પોર્ટ્સ એન્ડ યોગ ફેડરેશનના પ્રેસિડેન્ટ યોગી જેમ્સ લો દ્વારા આયોજિત યોગ વર્કશોપનું સંચાલન (તા. ૩૧-૮-૨૦૧૮ થી તા. ૧૦-૯-૨૦૧૮)

## વૃક્ષોનું જતન

વૃક્ષોથી જ માનવનું જીવન છે.
વૃક્ષોનું જતન માનવ સંસ્કૃતિનું સંવર્ધન છે.
વૃક્ષોનો ઉછેર માનવ સંપદાનું સંરક્ષણ છે.
એક વૃક્ષ દશ પુત્ર સમાન છે.
ખરેખર છોડમાં જ રણછોડ છે.

**- સ્વામી ચિદાનંદ**

Print Vision

If undelivered return to:
**"Divya Jivan" Gujarat Divya Jivan Sangh** Sivananda Ashram, Opp. ISRO, Ahmedabad-15. Ph.: 079-26861234